।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિ સંસ્કાર ।।

વર્ષ - ૬, અંક - ૮, સળંગ અંક - ૬૮, નવેમ્બર - ૨૦૧૫

यस्मान्नोद्विजते लोको लोकान्नाद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ।।
श्रीमद्‌भगवद् गीता - १२/१५

જેનાથી કોઈપણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે પોતે પણ કોઇ જીવથી ઉદ્વેગ નથી પામતો તથા જે હર્ષ, અમર્ષ, ભય અને ઉદ્વેગ આદિથી રહિત છે - એ ભક્ત મને પ્રિય છે.

:: પ્રકાશક ::
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન - મોટી હવેલી, જૂનાગઢ (ગુજરાત)
Web: www.pushtisanskar.org

श्रीपुष्टिसंस्कार संस्थान
श्रीवल्लभसान्निध्यधाम
मोटी हवेली–जूनागढ
(गुजरात)

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)
પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

તંત્રી/સંપાદક
કમલ સેજપાલ
લેખક સંકલન
મથુરભાઇ રામાણી
કાર્યાલય વ્યવસ્થા
આનન્દ ઠક્કર
પ્રકાશન વ્યવસ્થા
આશિષ ગાથા
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન પ્રમુખ
જયેન્દ્રભાઇ તન્ના
પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦
મુદ્રક
મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

વાર્ષિક લવાજમ
₹૧૫૦/- પ્રતિ અંક ₹ ૧૫/-
વિદેશ માટે ₹૨૦૦૦/-

અનુક્રમણિકા

શ્રીવલ્લભની વાણી ૮
પુષ્ટિભક્તિમાર્ગ ૯
શિક્ષાપત્ર ૧૦
શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય ૧૧
પાઠશાલા - પ્રભુ કરે સો ભલી ૧૨
પાઠશાલા વૈષ્ણવબાલ એક્ટીવિટી ૧૫
કાવ્યકણિકા ૧૬
પુષ્ટિચિન્તન ૧૭
શ્રીગિરિરાજધરણ લીલા ૧૮
પુષ્ટિ સિદ્ધાન્ત ૨૦
તત્ સુખની ભાવના ૨૨
પુષ્ટિસંસ્કાર સમાચાર ૨૪
સમાચાર સંક્ષેપ ૨૭
પ્રાકૃતિક ઉપચાર ૨૯
વ્યક્તિત્વવિકાસનાં સોપાનો ૩૦
વ્રતોત્સવ ટિપ્પણી ૩૨

- પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

- **‘પુષ્ટિસંસ્કાર’** નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે **‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’** પર જાણ કરવી. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦

સંપાદક લેખ

પુષ્ટિભક્તિ માર્ગનું પ્રાકટ્ય શ્રીવલ્લભ એટલે કે પૂર્ણપુરૂષોત્તમ પ્રભુના શ્રીમુખારવિંદ સ્વરૂપ કે જેની કૃપાથી દૈવીજીવોને શરણે લઇ ભગવદ્‌સેવા દ્વારા યશોદાનંદ-નંદનની પૂર્ણ ભાવથી સેવા કરવાનો સરલ અને દિવ્યમાર્ગનું પ્રાકટ્ય કર્યુ છે. માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરવા માટે શ્રીઆચાર્યચરણે આ માર્ગના સિદ્ધાન્તો સમજાવવા નાના-મોટા અનેક ગ્રન્થો રચ્યા છે.

''ષોડશગ્રન્થ'' એ આપણા સર્વે વૈષ્ણવો માટેની એટલે કે પુષ્ટિભક્તિમાર્ગની ભગવદ્‌ગીતા છે અને પુષ્ટિભક્તિમાર્ગનાં ઉપનિષદો પણ કહેવાય છે. કેમ કે, તેમાં પુષ્ટિભક્તિમાર્ગના સર્વ સિદ્ધાન્તોનો નિચોડ છે. આ ગ્રન્થો ચન્દ્ર ની સોળ કળા સમાન છે. શ્રીવલ્લભની અલૌકિક દિવ્યવાણીનાં સોળ ગ્રન્થો મહા મૂલ્ય અલંકાર સમાન છે.

ભક્તના જીવનમાં પ્રથમ ભૂમિકા સ્વાભાવનો વિજય હોવાની છે. તેથી તે પ્રાપ્ત કરાવનાર ગ્રન્થ ''શ્રીયમુનાષ્ટકમ્'' પ્રથમ છે અને સેવાની રીત, પ્રીત અને ફલ માટે અંતિમ ભૂમિકા હોય તેથી ''સેવા ફલમ્'' ગ્રન્થ સોળમો છે. આમા આ દરેક સોળે સોળ ગ્રન્થમાં ક્રમશઃ કંઇને કંઇ સમ્બન્ધ છે. જેવી રીતે પ્રથમ પગથીયું ચડયા બાદજ બીજા પગથીયા પર પગ મુકી શકાય તેવી રીતે આ ગ્રન્થોમાં ભક્તિમય જીવનના એક પછી એક પગથીયા રૂપી નિર્દેશ કરવામાં આવ્યો છે. આવી શ્રીવલ્લભની વાણી સ્વરૂપે બિરાજમાન ''ષોડશગ્રન્થો'' અને બીજા અનેક ગ્રન્થો જે ખરેખર પુષ્ટિભક્તિમાર્ગની દિવ્યતાની અનુભુતિ કરાવે છે.

જીવનમાં આ મારૂં આ તારૂંની વૃત્તિ આપણા માર્ગની રીત નથી. જે કંઇ પણ છે તે પ્રભુનું છે અને પ્રભુઇચ્છા થી જ થાય છે એવા હૃદયના ભાવથી પ્રભુસેવા અને શ્રીવલ્લભની આજ્ઞા અનુસાર અત્યન્ત વિશિષ્ટ ભક્તિમાર્ગની રીત, પ્રીત મુજબ સેવા, સત્સંગ ઇત્યાદી કરીએ તો શ્રીવલ્લભના વિશેષ કૃપાપાત્ર લાડીલા બની શકાય છે. લાખ-ચોરાસીના ફેરા બાદ આપણે માનવદેહ નહી પરંતુ વૈષ્ણવી માનવદેહ પ્રાપ્ત થયો છે. ગુરૂ-શિષ્યની આદર્શ પરમ્પરાનો આ ભક્તિમાર્ગ જેમાં પૂર્ણ નિષ્ઠાપૂર્વક આગળ વધીએ....

દિપાવલી, નવ વર્ષ અને વિવિધ ઉત્સવોમાં ભાઇબીજ-દાદાજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનો પ્રાકટ્ય દિન, ગોપાષ્ટમી, પ્રબોધીની વગેરે ઉત્સવને આપણે ભગવદ્‌સેવા સાથે મનાવીએ... આપણી પુષ્ટિસંસ્કાર પાઠશાલાના સ્થાપક ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના આત્મજ ગોસ્વામી શ્રીપ્રમેયબાવાશ્રીનો જન્મદિવસ તા.૨૭/૧૧/૨૦૧૫ તેમજ શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાનાં પ્રણેતા ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ તા. ૨૯/૧૧/૨૦૧૫ રવિવારના રોજ આવી રહ્યો છે. આપણે બધા જ આ ઉત્સવમાં ચોક્કસ ઉપસ્થિત થઇ આપણી નિષ્ઠાને પ્રકટ કરીએ. શ્રીયમુનાજીના ચરણારવિંદમાં સાક્ષાત્ દંડવત્...

''શ્રીયમુનાસી, નાહીં કોઉ ઓર દાતા...''

કમલના ભગવદ્‌સ્મરણ....

।। श्रीदामोदरमदनमोहनौ प्रभू विजयेते ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

શુભદીપાવલી, નૂતનવર્ષ, ગોવર્ધનપૂજન, પૂજ્ય દાદાજીનો પ્રાકટ્યોત્સવ, ભાઇબીજ આ મંગલ અવસરો પર 'શુભસંકલ્પ'


श्रीपुष्टिभक्तिमार्ग-प्रवर्तक साकारब्रह्मवाद-स्थापक आचार्यवर्य
महाप्रभुजी श्रीवल्लभाचार्यजी

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું''

क्वचित् पाण्डित्यं चेन्न निगमगतिः सापि यदि न
क्रिया सा सापि स्यात् यदि न हरिमार्गे परिचयः ।।
यदि स्यात् सोपि श्रीव्रजपति-रतिर् नेति निखिलैः
गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ।।४।।
(श्रीविठ्ठलेश्वरविरचितं श्रीस्फुरत्कृष्णप्रेमामृतस्तोत्रम्)

(૧) હે શ્રીવલ્લભ!

''આપશ્રીએ પ્રકટ થઇ સમગ્ર પુષ્ટિજીવોના જીવનની સાર્થકતા માટે જે ઉપદેશ આપ્યો સાત્ત્વિક્તા અને દઢભગવદ્ભક્તિનો. ''સાત્ત્વિકાઃ ભગવદ્ભક્તાઃ'' (તત્ત્વદીપ નિબન્ધ) તેનાથી હું ક્યારે પણ વિચલિત ન થાઉં.''

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું.''

(૨) ''આપશ્રીની સમગ્ર વૈષ્ણવસૃષ્ટિ (કોઇપણ સમય કે દેશમાં રહેતા લોકો જેમણે પુષ્ટિમાર્ગ અનુસાર કોઇપણ વલ્લભવંશજ પાસે દીક્ષા લીધી હોય તે શ્રીવલ્લભની જ સૃષ્ટિ છે. ભલે આજે અજ્ઞાન, પ્રમાદ કે લોભના કારણે આપશ્રીના ઉપદેશો સમજવાના, આચરણ કરવાના કર્તવ્યને ભૂલી આપશ્રીએ જેનો નિષેધ કર્યો છે તેવું પણ આચરણ કરી; જાણે કે અજાણે આપશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે પણ છે તો આપશ્રીની સૃષ્ટિ) તામસ(=નોનવેજ, દ્યૂત, મદ્ય, અસત્ય, અનૈતિક સમ્બન્ધો, કસાઇપણુ)નો ત્યાગ કરી પરિણામલક્ષી સાત્ત્વિકતા = જેમાં હિંસા, ઉત્પીડન કે પ્રદૂષણ નથી એવા આચાર વિચારને અપનાવી, સાત્ત્વિક વસ્તુનું

ઉત્પાદન, ઉપયોગ અને સાત્ત્વિક લોકોને પ્રોત્સાહન આપે.''

''અન્યાશ્રય, અંધશ્રદ્ધા, અકર્મણ્યતા, ભય અને કામનાથી થતા નડતરને દૂર કરવાના કર્મોથી મુક્ત થઇ, ભગવાન શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય કરી, ઘરમાં બધાની અનુકૂલતા સાધી, ક્લેશનું કારણ ન બને એ રીતે પોતાના ઘરમાં આપશ્રીના સર્વસ્વ ભગવાન શ્રીકૃષ્ણની સેવા પોતાના તન-ધનથી તન્મયતાપૂર્વક કરે.''

''આપશ્રીની સમગ્ર વૈષ્ણવસૃષ્ટિ જે દેશી ગોવંશ-ગાય, વાછડી, વાછડા, બળદ, નંદી છેવટ સુધી સચવાય છે તે ગાયના દૂધ, દહી, માખણ, ઘૃતથી સિદ્ધ થતી સામગ્રી પોતાના માથે બિરાજતા પ્રભુને ધરે. અને શ્રીયમુનાજી પરિશ્રમ દૂર થઇ વ્રજમાં પધારે ત્યારે શ્રીયમુનાજીને અને શ્રીગિરિરાજજીને સમર્પે અને તે દ્વારા આપશ્રીની અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરે.''

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું.''

(૩) ''અમો આપશ્રીની સૃષ્ટિ તો આ વાતને સમજીએ જ કે અમારા આરાધ્ય ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય ગોવંશની હત્યા રાષ્ટ્રની અવમાનના છે. જ્યાં સુધી ગોવંશ દુઃખી છે ત્યાં સુધી રાષ્ટ્રની સાચા અર્થમાં ઉન્નતિ શક્ય જ નથી. ગોવંશની હત્યાને અનુમતિ આપનાર શાસનવ્યવસ્થા પ્રભુને કેમ રુચે?''

''ગોહત્યાનિષેધ માટે વિધેયાત્મક અને નિષેધાત્મક ઉપાયો કરવાની આપશ્રી અમોને શક્તિ આપો. ઘેર-ઘેર, ગામે-ગામ ગોશાલા, સુરક્ષિત અને વિકસિત ગોચર, ગામના સંપૂર્ણ ગોવંશની રક્ષા, પાલન, સંવર્ધન, સાત્ત્વિક સ્વાવલંબન દ્વારા ધર્મપાલન દ્વારા અમો આપશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.''

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું.''

(૪) ''આપશ્રીએ સમગ્ર વૈષ્ણવસૃષ્ટિ ગોસ્વામી આચાર્યો અન્ય વૈષ્ણવો માટે સમાન ઉપદેશ આપ્યો છે. આપશ્રીના સિદ્ધાન્તને મે મારી સમજ પ્રમાણે સમજ્યા છે. જીવનમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. મારા માટે કે મારા પરિવાર માટે ભિન્ન અને અન્ય વૈષ્ણવો માટે ભિન્ન એવા બેવડા ધોરણ મે ક્યારે પણ નથી રાખ્યા. મારી આ નિષ્ઠા જળવાઇ રહે અને મારા વ્યક્તિત્વનું મૂલ્યાંકન અને ઉપયોગ એ રીતે થાય.''

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું.''

''ગામે-ગામ પુષ્ટિસંસ્કાર પાઠશાલાની સ્થાપના થાય, આ પુષ્ટિસંસ્કારોથી સંસ્કૃત વ્યક્તિઓ જ ગામની ગોશાલાનું સંચાલન ભગવત્સેવાના અંગ તરીકે કરે.''

''હું તો માગું શ્રીમહાપ્રભુજી એટલું.''

આપશ્રીની સમગ્ર વૈષ્ણવસૃષ્ટિ આપશ્રીના આદેશોનું પાલન કરવા દૃઢ નિશ્ચયી બને એ આ મંગલ અવસરે આપના ચરણારવિન્દમાં અભ્યર્થના.

સદાએ આપશ્રીનો
ગોસ્વામી કિશોરચન્દ્ર પુરુષોત્તમલાલજી

બ્રહ્મસમ્બન્ધદીક્ષા

- ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રી

→ જેમ પ્રાથમિક વિદ્યાલયમાં ઉત્તીર્ણ થઇને વિદ્યાર્થી ઉચ્ચતર વિદ્યાલયમાં અભ્યાસ માટે પ્રવૃત્ત થાય છે. એ રીતે પુષ્ટિમાર્ગમાં શરણદીક્ષા દ્વારા ભગવદ્‌શરણાગતિની દઢતા રૂપ પ્રાથમિક યોગ્યતા પ્રાપ્ત કરીને ભગવદ્‌ભક્તિના માર્ગ પર આગળ વધવા માટે પુષ્ટિમાર્ગની દ્વિતીય દીક્ષા **બ્રહ્મસમ્બન્ધદીક્ષા** છે.

બ્રહ્મસમ્બન્ધદીક્ષા ભગવાન્ શ્રીકૃષ્ણને સર્વસ્વના સમર્પણની દીક્ષા છે. બ્રહ્મસમ્બન્ધદીક્ષા દ્વારા પરં બ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણને જીવનના કેન્દ્રમાં રાખીને જીવન જીવવાનો સંકલ્પ કરવામાં આવે છે.

→ **બ્રહ્મસમ્બન્ધમંત્રનું પ્રાકટ્ય :** કોઇ મલિન વસ્તુનો અતિશય સ્વચ્છ શુદ્ધ વસ્તુ સાથે મેળ કરવાનો હોય તો સ્વાભાવિક પણે વિચાર આવે કે આવું કેવી રીતે થઇ શકે ? શ્રીમહાપ્રભુજીને પણ તેથી જ ચિન્તા થઇ કે પ્રભુએ આજ્ઞા આપી છે કે 'જીવોનો મારી સાથે સમ્બન્ધ કરાવો પરન્તુ દોષોથી ભરેલા જીવનો નિર્દોષ પ્રભુ સાથે સમ્બન્ધ કેવી રીતે થાય ?' ક્યાં આનન્દસ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ અને ક્યાં સુખ-દુઃખના દ્વન્દ્વમાં વિચરતો જીવ! ક્યાં સર્વજ્ઞ ભગવાન્ શ્રીકૃષ્ણ અને ક્યાં પોતાના સ્વરૂપને પણ ન જાણતો જીવ ! ક્યાં સર્વનું નિયમન કરનારા ભગવાન્ શ્રીકૃષ્ણ અને ક્યાં પોતાના કર્મોના ફલોને ભોગવતો જીવ ! આમ જ્યારે જીવ પ્રત્યે અતિશય કરૂણાવશ થવાથી શ્રીવલ્લભને જીવના ઉદ્ધાર વિષયક ચિન્તા થઇ ત્યારે પવિત્રા એકાદશીની મધ્ય રાત્રિએ શ્રીમદ્‌ગોકુલના ગોવિન્દઘાટ પર સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રકટ થઇને બ્રહ્મસમ્બન્ધમન્ત્ર પ્રદાન કર્યું અને જીવોને બ્રહ્મસમ્બન્ધ દાન કરવાની આજ્ઞા કરી. બીજે દિવસે પ્રાતઃકાલ શ્રીમહાપ્રભુજીએ સર્વપ્રથમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા દામોદરદાસ હરસાનીજીને આપી.

→ બ્રહ્મસમ્બન્ધ નો અર્થ :

બ્રહ્મસમ્બન્ધ એટલે શું તે સમજાવતા શ્રીપુરૂષોત્તમજી આજ્ઞા કરે છે -

બ્રહ્મસમ્બન્ધો નામ સર્વસ્મિન્ ભગવત્સ્વામિકત્વરૂપઃ સમ્બન્ધઃ (સિદ્ધાન્તરહસ્યવિવરણ-૨)

બ્રહ્મસમ્બન્ધનો અર્થ છે સ્વ સમ્બન્ધી સર્વના સ્વામી ભગવાન્ શ્રીકૃષ્ણ છે તે પ્રકારનો સમ્બન્ધ.

બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેવાથી શું થાય તે સમજાવતા શ્રીવલ્લભ આજ્ઞા કરે છે -

બ્રહ્મસમ્બન્ધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિર્હિ (સિદ્ધાન્તરહસ્યમ્ - ૨)

બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વના દેહ અને જીવ સમ્બન્ધી સર્વ દોષો દૂર થાય છે એટલે કે ભગવત્સેવામાં પ્રતિબન્ધક નથી રહી જતા. (વિશેષ જીજ્ઞાસા હોય તો દોષોના પ્રકાર સિદ્ધાન્તરહસ્યમાંથી જાણવા.)

→ બ્રહ્મસમ્બન્ધદીક્ષા પછીનું કર્તવ્ય

બ્રહ્મસમ્બન્ધદીક્ષા લઇને જ્યારે શ્રીમહાપ્રભુજીને આપના શિષ્ય પૂછતા 'અબ હમારો કહા કર્તવ્ય હૈ ?' ત્યારે શ્રીવલ્લભ આજ્ઞા કરતા 'ભગવત્સ્વરૂપ પધરાઇ સેવા કરો.' અર્થાત્ બ્રહ્મસમ્બન્ધદીક્ષા દ્વારા પ્રભુ સમ્મુખ કરવામાં આવેલો સંકલ્પ પૂર્ણ કરવા માટે ભગવત્સેવા કરવી આવશ્યક છે. બીજી રીતે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે **'બ્રહ્મસમ્બન્ધદીક્ષા ભગવત્સેવા કરવા માટેની યોગ્યતા સિદ્ધ કરનારી દીક્ષા છે'**

આપણે ત્યાં એવું પણ કહેવાયું છે કે બ્રહ્મસમ્બન્ધ દ્વારા બીજો જન્મ થાય છે. તેનો અર્થ જ એ છે કે **આપણા આચાર-વિચારમાં આમૂલ પરિવર્તન લાવનારી આ દીક્ષા છે. જીવનદિશા બદલનારી આ દીક્ષા છે.** તેથી તેને હળવાશથી ન લેવી. નિષ્ઠા અને સમજ પૂર્વક દીક્ષા ગ્રહણ કરીએ અને તે સમ્બન્ધી કર્તવ્યોનું પાલન કરીએ તો જ ભગવદ્‌ભક્ત ના વિશિષ્ટ ગુણો આપણામાં પ્રકટ થાય.

→ **બ્રહ્મસમ્બન્ધમંત્ર :** ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસમ્બન્ધદીક્ષાનો મંત્ર પ્રદાન કર્યો. આ મંત્ર ગદ્ય[1] રૂપે હોવાથી તેને **ગદ્યમંત્ર** પણ કહેવામાં આવે છે. તેના અંતિમ પાંચ અક્ષરોના મંત્રને **પંચાક્ષરમંત્ર** કહેવાય છે. પંચાક્ષરમંત્રનો અર્થ થાય છે **'હે કૃષ્ણ ! હું આપનો છું.'**

પ્રત્યેક મંત્રની ગરિમા અને મર્યાદા જાળવવા માટે તેના ઉચ્ચાર (બોલવા) સમ્બન્ધી કેટલાક નિયમો હોય છે. બ્રહ્મસમ્બન્ધમંત્ર ભગવત્સેવાની યોગ્યતા સિદ્ધ કરાવનાર છે. તેથી ભગવત્સેવા માટે જે પ્રકારની શુદ્ધિની અપેક્ષા છે તેટલી શુદ્ધ અવસ્થામાં એટલે કે સ્નાન કરીને તિલક/ટીકી કરી -ચરણામૃત લઇ-વૈષ્ણવી વેશ ધારણ કરીને બ્રહ્મ-સમ્બન્ધ મંત્રનો ઉચ્ચાર કરવો.

શ્રીપુષ્ટિવૈષ્ણવચરિત્ર : ભગવદ્‌ભક્તનો વિશિષ્ટ ગુણ - નિર્ભયતા

શ્રીમહાપ્રભુજીના સેવક કુંભનદાસજી જમનાવતા ગામમાં રહેતા હતા. આ ગામ વ્રજમાં શ્રીગિરિરાજજીની પાસે આવેલું છે. કુંભનદાસજી; શ્રીગિરિરાજજી ઉપરના મંદિરમાં શ્રીગોવર્ધનનાથજીની કીર્તન સેવા કરતા. શ્રીજીબાવા પોતાની લીલાનો જેવો અનુભવ કરાવે તેવા કીર્તન રચીને શ્રીજીને સંભળાવે. આથી શ્રીજીબાવા તેમના ઉપર ખૂબ પ્રસન્ન રહે.

એકવાર રાજા માનસિંહ શ્રીનાથજીના દર્શન કરવા આવ્યો ત્યારે ત્યાં તેમણે કુંભનદાસજીને કીર્તન કરતા સાંભળ્યા. તેથી ખૂબ પ્રભાવિત થઇને તે કુંભનદાસજીને મળવા પરાસોલી માં તેમના ખેતરે પહોંચ્યો. તે વખતે કુંભનદાસજી પોતાના ખેતરે બેઠા હતા અને શ્રીઠાકુરજી તેમના ખોળામાં બિરાજીને કંઇક વાત કહેવા જઇ રહ્યા હતા; એટલામાં જ રાજા આવ્યો તેથી શ્રીગોવર્ધનનાથજી દોડીને એક વૃક્ષ પાછળ સંતાઇ ગયા. કુંભનદાસજીને અકળામણ થઇ તેથી તેમણે તો રાજા સામે જોયું પણ નહિ. ત્યારે કુંભનદાસજીની ભત્રીજી ત્યાં આવી. કુંભનદાસજીએ તેને કહ્યું, ''દીકરી ! આસન અને આરસી લાવ તો હું તિલક કરી લઉં.'' ત્યારે ભત્રીજીએ કહ્યું, ''બાબા ! આસન (ઘાસનો પૂળો) તો પાડી ખાઇ ગઇ અને આરસી (વાટકીમાંનું જલ) પી ગઇ.'' જ્યારે રાજા માનસિંહે આ જોયું ત્યારે તેને લાગ્યું કે કુંભનદાસજીને દ્રવ્યની ઘણી કમી છે તેથી તેમની પાસે આસન કે આરસી પણ નથી. તેથી સોનાની જડેલી આરસી મંગાવીને કુંભનદાસજીને આપી. કુંભનદાસજીએ તેનો અસ્વીકાર કર્યો. ત્યારે રાજાએ હજાર સોનામહોર, જમનાવતા ગામ અને મોદીખાના માટે નું બધું દ્રવ્ય આપવાની ઇચ્છા દર્શાવી, પણ કુંભનદાસજીએ બધાનો અસ્વીકાર કર્યો. ત્યારે રાજાને થયું

''આજ સુધી ઘણા ત્યાગી વૈરાગી જોયા, પરન્તુ ગૃહસ્થ અને છતાંય આવા ત્યાગી , આવા તો ધરતી પર ક્યાંય નથી જોયા.'' પછી રાજાએ પ્રણામ કરીને કહ્યું, ''બાબા ! મને કંઇક તો આજ્ઞા કરો.'' ત્યારે કુંભનદાસજીએ કહ્યું, ''જે હું કહીશ તે તમે કરશો ?'' ત્યારે રાજાએ કહ્યું ''તમે જે કહેશો તે હુ મારા પરમ ભાગ્ય માનીને કરીશ.'' કુંભનદાસજીએ કહ્યું, ''તો આજ પછી મારી પાસે ક્યારે પણ ન આવશો અને મને કંઇ ન કહેશો.'' રાજા બોલ્યો, ''તમે ધન્ય છો ! માયાના ભક્ત તો ઘણા જોયા, શ્રીઠાકુરજીના સાચા ભક્ત તો તમને જોયા છે.'' એમ કહીને રાજા ચાલ્યો ગયો. એકવાર બાદશાહે કીર્તન સંભળાવવા માટે કુંભનદાસને ફતેહપુર સીકરી પોતાના દરબારમાં બોલાવ્યા. જ્યારે જવું જ પડશે તેવું લાગ્યું ત્યારે દરબારમાં ગયા, બાદશાહે કહ્યું ''કંઇક કીર્તન સંભળાવો'' ત્યારે તેમણે બાદશાહને મોઢા મોઢ સંભળાવી દીધું.

'ભક્તનકોં કહા સિકરી કામ, આવત જાત પન્હૈયા ટૂટી વિસર ગયો હરિનામ, જાકો મુખ દેખ દુઃખ ઉપજે, તાકોં કરનો પર્યો પ્રણામ, 'કુંભનદાસ' લાલ ગિરિધર બિનુ યહ સબ જૂંઠો ધામ.' ભક્તને રાજા કે રાજધાની થી શું કામ હોય ! આવતા જતા મારા ચપ્પલ ઘસાઇ ગયા અને હરિનું સ્મરણ વિસરાઇ ગયું. જેનું મુખ જોઇને દુઃખ થાય તે બાદશાહને પ્રણામ કરવા પડ્યા. કુંભનદાસના પ્રભુ ગિરિધર વિના આ જગતમાં બધું જ નકામું છે.

બાદશાહે જાણ્યું કે ભગવદ્‌ભક્ત ને મન લૌકિક પ્રતિષ્ઠા કે સમ્પત્તિનું કોઇ મહત્ત્વ નથી; તેથી આદર સહિત તેમને વિદાય કર્યા.

કુંભનદાસજી જેવા ભગવદીયના ચરિત્ર પરથી આપણને બોધ મળે છે કે ''પ્રભુનો ભક્ત કદી ભયભીત ન થાય અને જે કંઇ ભગવદ્‌ઇચ્છાથી પ્રાપ્ત થાય તેમાં પ્રસન્ન રહે.''

ग्रन्थपरिचय ४ – पुष्टिप्रवाहमर्यादाभेदः

एक अद्वितीय ब्रह्म ही स्वरमणार्थ निर्मित इस सृष्टि में विभिन्न रूपों मे प्रकट होता है. वैविध्य के बिना रमण सम्भव नहीं. जैसे ब्रह्मोपादानक जड सृष्टि में विविधता है ऐसे ही ब्रह्म के अंश रूप जीव में भी भगवदिच्छा से स्वभावभिन्नता प्रकट हुई है.

श्रीवल्लभाचार्यचरण; पुष्टिप्रवाहमर्यादाभेद ग्रन्थ में निरूपित करते हैं कि- प्रभु ने तीन प्रकार के मार्ग प्रकट किये हैं पुष्टि - प्रवाह एवं मर्यादा. इन तीन मार्गों पर चलने वाले जीव, उनके देह एवं क्रियाएँ भिन्न भिन्न है तथा इन मार्गों के फल भी भिन्न हैं. यद्यपि यह ग्रन्थ पूर्ण प्राप्त नहीं हो पाया है. तथापि जितना उपलब्ध है उतने निरूपण से भी पुष्टिमार्ग, पुष्टिजीव-देह-क्रिया तथा पुष्टिफल की विलक्षणता तो स्पष्ट हो ही जाती है. अत: यह ग्रन्थ; दर्पण की तरह हमारा, स्वयं से परिचय कराता है.

શ્રીવલ્લભની વાણી

ભક્તિવર્ધિની

– મથુરભાઇ રામાણી, જૂનાગઢ

તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।
ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાથૈક-માનસઃ ।।૬।।
લભતે સુદૃઢાં ભક્તિં સર્વતો-ડપ્યધિકાં પરામ્ ।।

દૃઢ બીજવાળા ભગવદીય જનને માટે પણ એક ધારો ગૃહનિવાસ ભક્તિનો વિનાશ કરનાર છે. માટે ઘર વગેરેનો ત્યાગ કરીને જે ભગવદીય કેવલ ભગવાનની પ્રાપ્તિ માટે જ મનવાળો થઇને પ્રયત્ન કરે તે સર્વથી અધિક પરમ ભક્તિને મેળવે છે.

કથા પ્રણાલીથી વ્યસનભાવ સિદ્ધ થતા જ ઘરની બહાર નીકળી જવું ભક્ત માટે હિતકારી હોય છે. અન્યથા વ્યસન દશામાં ફલિત થવાવાળો બીજભાવ પણ સર્વાત્મભાવ કે અલૌકિક સામર્થ્યમાં પરિપક્વ નહીં થઇ શકે. એવા ઘરમાં રહેવાથી શો લાભ કે જે કૃષ્ણભક્તિનું અંગ ન હોય?

આ ઘરનો પરિત્યાગ કૃષ્ણવ્યસનનાં આવેશમાં કૃષ્ણના વિરહનાં કારણે થનારો પરિત્યાગ છે. જગતમાં પેદા થયેલી દોષ દૃષ્ટિના કારણે કરવામાં આવેલો અસ્વસ્થ, નીરસ-શુષ્ક ત્યાગ નહી પરંતુ શ્રીકૃષ્ણમાં વધતી જતી પ્રેમદૃષ્ટિથી વિવશ કે લાચાર બનીને થઇ જતો સરસ પ્રેમપૂર્ણ સ્વસ્થ ત્યાગ છે. સર્વનિર્ણયમાં આ ગૃહત્યાગ પછી એકાકી, નિઃસ્પૃહ, શાન્ત ભાવથી ક્યાંય અટક્યા વગર દેહ પડે ત્યાં સુધી નિરન્તર તીર્થાટનનો ક્રમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. યાત્રા તીર્થોની કરવાની છે પરંતુ ન તો પુણ્યની શોધમાં કે ન મોક્ષની શોધમાં યાત્રા કરવાની છે શ્રીકૃષ્ણની શોધમાં જ **''કૃષ્ણએવ તાત્પર્ય ન તુ તીર્થાદૌ દેહ પાતનપર્યન્તં ચ પર્યટનમ્''** તીર્થાટનનું તાત્પર્ય કૃષ્ણ જ છે, નહી કે તીર્થાટનથી પુણ્ય પ્રાપ્તિ ઇત્યાદિ.

આવા ભાવવાળાને પણ હંમેશા ઘરમાં રહેવું એ સત્સંગનાં અભાવને લીધે તેના ભાવનો નાશ કરનાર સાબિત થઇ શકે છે. જે જેનો વિઘાતક હોય તે તેની પાસે ઉભવાને શક્તિમાન નથી માટે જ ફલ પ્રકરણમાં ગોપીજનોએ કહ્યુ છે કે ''જ્યારથી આપના ચરણતલનો સ્પર્શ કરવા લાગ્યાં ત્યારથી જ અમો બીજાની પાસે ઉભવાને શક્તિ ધરાવતા નથી'' આજ બાબત શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ કરી છે કે ''જેમ દેહાભિમાની પોતાના દેહનો નાશ કરનાર વાઘ(સિંહ) હોવાથી તેની પાસે ઉભવાને શક્તિમાન નથી તે જ પ્રમાણે પોતાના ભાવનો બાધ કરનારની પાસે તેવા ભાવવાળો ઉભો રહી શક્તો નથી માટે કહ્યું છે કે **''તાદૃશસ્યાતિ...''** પહેલા કહેવામાં આવેલા ભાવવાળને ઘરમાં રહેવાનું પોતાના ભાવનું નાશ કરનાર હોવાથી તેમાં રહેવું અશક્ય છે એમ માની તે ઘરનો ત્યાગ જ કરે છે. ઘરનો ત્યાગ કર્યા પછી યત્ન જ કરવો પણ બીજા કોઇપણ રીતે વખત ગુમાવવો નહિ, તેવા ભક્તને જીવન શી રીતે પસાર કરવું તે કહે છે કે ભગવાન માટે જ પોતાના મનને રાખનારો થઇને ભક્તિની વૃદ્ધિ માટે યત્ન કરવો જોઇએ. ભગવાન માટે જ પોતાના મનને રાખનારો થઇને અત્યન્ત દૃઢ ભક્તિને પામે છે. પહેલા તે ભક્તની છેવટનાં વ્યસન સુધીની તથા કોઇથી પણ નાશ કરી ન શકાય એવી ભક્તિ કરીને ફરીથી જે **'તદર્થૈર્યૈક માનસ'** (ભગવાન માટે જ પોતાના મનને રાખનારો થઇને) એમ જે કહ્યું છે છતા પણ **'લભતે સુદૃઢાં ભક્તિમ્'** એમ જે કહેવામાં આવ્યું છે તેનો એવો અભિપ્રાય છે કે તેનાથી પણ સુદૃઢ એટલે અત્યન્ત દૃઢ, સર્વથી પણ અધિક, સર્વાત્મભાવરૂપ, ભક્તિ, જે સાક્ષાત્ સ્વરૂપાનુભવરૂપ ફલને આપનારી છે, તે ભક્તિને મેળવે છે. એટલે તેવા ભાવવાળો જે ભક્ત છે તેને વિદ્યમાન દેહના ગયા પછી લીલોપયોગી એવા અલૌકિક દેહને પામીને સાક્ષાત્સ્વરૂપ સમ્બન્ધી ફલને મેળવે છે. તે ફલરૂપ ભક્તિનું સ્વરૂપ કહે છે કે સાલોક્યા દિ ચાર પ્રકારની મુક્તિની અપેક્ષાએ પણ તે ભક્તિ ઉત્તમ છે. તે પરાભક્તિ કહેવાય છે.

(અનુસંધાન પાના નં.-૧૯ પર)

પુષ્ટિભક્તિમાર્ગ

લેખાંક - ૩૭

- અનસૂયાબેન ઉકાણી-ઉપલેટા

શ્રીપુરૂષોત્તમસ્વરૂપ આવિર્ભાવ નિર્ણય : (૧)

રસાત્મકઃ શ્રુતિશિરઃ સિદ્ધઃ સ પુરૂષોત્તમઃ ।
રસઃ શ્રૃંગાર એવાસ્તિ નાટ્યસિદ્ધાન્ત્સમ્મતઃ ।।

વેદ-વેદાંતથી સિદ્ધ થયેલા તે પુરૂષોત્તમ રસાત્મક છે. નાટ્યશાસ્ત્રનાં સિદ્ધાન્તે જેને સંમતિ આપી છે, તેવો રસ માત્ર શૃંગાર રસ છે.

અન્યેષુ રસતા નૈવ મન્યન્તે ભરતાદયઃ ।
શ્રૃંગારરસ સમ્બન્ધાદન્યેડપિ સ્યુ રસા ઈતિ ।।

શૃંગારરસના સમ્બન્ધને લીધે જ બીજા રસો રસરૂપ છે. આથી ભરત વગેરે નાટ્યશાસ્ત્રના આચાર્યો બીજા રસોમાં સાચુ રસપણું માનતા જ નથી.

યથૈવોપકૃતિઃ સર્વા મહતાં સ્વર્ણનિર્મિતા ।
શ્રૃંગારસ્ય તથા કાર્યે રસા એવોપયોગિનઃ ।।

સમૃદ્ધ પુરૂષોનાં શૃંગારનાં સર્વ સાધન જે પ્રમાણે સોનાનાં જ બનાવેલા હોય છે, તે જ પ્રમાણે શૃંગારરસમાં બીજા રસો ઉપયોગી છે.

સ એવા શ્રૃતિવાક્યૈક વાક્યતાબલતઃ સ્ફુટઃ ।
સાકાર સચ્ચિદાનન્દો વિરૂદ્ધાખિલધર્મધૃક્ ।।
રૂપવાનખિલાધારોડનન્તશક્તિઃ સ્વભાવતઃ ।
અપ્રાકૃતનિજાનન્દરૂપ દેહેન્દ્રિયાદિકઃ ।।

વેદના સમગ્ર વાક્યોની એકવાક્યતા કરતાં જણાય છે કે રસાત્મક પ્રભુ સાકાર છે. સત્, ચિત્ આનંદસ્વરૂપ છે. સર્વ વિરુદ્ધ ધર્મોના આશ્રયરૂપ છે, રૂપવાળા છે, સર્વના આધારરૂપ છે, અનંત શક્તિવાળા છે, અલૌકિક આનંદરૂપ દેહ, ઇન્દ્રિય વગેરેવાળા છે.

સ શાસ્ત્રે દ્વિવિધઃ પ્રોક્તઃ સંયોગો વિરહસ્તથા ।
રસે યથા તારતમ્યં સંયોગાદ્વિરહે તથા ।।

તે રસને શાસ્ત્રમાં સંયોગ અને વિપ્રયોગ એમ બે પ્રકારનો કહ્યો છે. રસમાં સંયોગ શૃંગારથી વિપ્રયોગ શૃંગારનો જેમ ભેદ છે, તેમ રસાત્મક પ્રભુના સ્વરૂપમાં પણ ભક્તોને એ બંને પ્રકારનો અનુભવ હોવાથી તેવો ભેદ જણાય છે.

પૂવોડખિલસ્ય શાસ્ત્રીયક્રિયાધારસ્તથોત્તરઃ।।
ભાવાત્મા ભાવરૂપૈકક્રિયામાત્રાશ્રયઃ સ્મૃતઃ ।

સંયોગ શૃંગારરસ સમગ્ર રસશાસ્ત્રની ક્રિયાઓના આધારરૂપે રહેલો છે, જ્યારે વિપ્રયોગ શૃંગારરસ ભાવાત્મક છે, તે એકરૂપ સમગ્ર ક્રિયાઓમાં આશ્રયરૂપે રહેલો છે.

લોકવેદ પ્રસિદ્ધો હિ પૂર્વસ્તસ્માત્તથા મતઃ ।।
શ્રુતિ સિદ્ધાખિલબ્રહ્મધર્માધારો જગત્કૃતિઃ ।
ચતુર્વ્યૂહાદિસહિતઃ સર્વાશ્ચર્યામયો હરિઃ ।।
ઉત્તરો ગૂઢભાવત્વાદ્ ભક્તૈકહૃદયસ્થિતઃ ।
અનુભુતિપ્રમાણૈકવેદ્યો માનાન્તરાતિગઃ ।।
અનન્તકોટિલીલાનામાશ્રયો નિત્યનૂતનઃ ।

સંયોગ શૃંગારરસ લોક અને વેદમાં પ્રસિદ્ધ છે, તેથી સંયોગ શૃંગારાત્મક પ્રભુ વેદમાં સિદ્ધ સમગ્ર બ્રહ્મના ધર્મોના આધારરૂપ અને જગત જેનું કાર્ય છે, તેવા વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ એ ચાર વ્યૂહવાળા સમગ્ર આશ્ચર્યોના ધામરૂપ છે, જ્યારે વિપ્રયોગ શૃંગારાત્મક પ્રભુ ગુઢ ભાવાત્મા હોવાથી માત્ર ભક્તોના જ હૃદયમાં રહેલા અને માત્ર અનુભવરૂપી એક જ પ્રમાણથી જાણી શકાય તેવા છે. તેઓ અન્ય કોઇપણ પ્રમાણોથી જાણી શકાય તેવા નથી. વળી તેઓ અનંત કરોડો લીલાઓના આશ્રયરૂપ અને નિત્યનુતન છે.

આમ વેદવેદાંતથી સિદ્ધ શ્રીપુરૂષોત્તમ રસાત્મક છે. તેઓ અલૌકિક શૃંગારરસનું સ્વરૂપ છે. નાટ્યશાસ્ત્રમાં પણ શૃંગારરસને સર્વોપરિ રસ કહ્યો છે. વેદમાં બતાવ્યા પ્રમાણે રસાત્મક પ્રભુ સાકાર, સચ્ચિદાનંદ, વિરુદ્ધ ધર્માશ્રયી, સર્વના આધારરૂપ, અનંત શક્તિઓવાળા અને અલૌકિક આનંદસ્વરૂપ છે.

જેમ શૃંગારરસનાં બે દલ સંયોગ અને વિપ્રયોગ છે, તેમ રસાત્મક પ્રભુ પણ સંયોગ અને

(અનુસંધાન પાના નં.-૨૧ પર)

શિક્ષાપત્ર
લેખાંક-૭

- ચંદ્રિકાબેન નરશાણા-જૂનાગઢ

પ્રથમ શિક્ષાપત્રમાં પુષ્ટિમાર્ગીય જીવોનું નિરૂપણ કર્યું. સેવા અને સ્મરણ તેનું મુખ્ય કર્તવ્ય બતાવી, શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત પુષ્ટિમાર્ગની પગદંડી પર સભાનતાપૂર્વક સીફતથી ચાલવાનું છે. સેવા-સ્મરણનું ચક્ર સદાય ગતિમાન રહેવું જોઇએ. સેવા પક્ષને નિભાવતા નિભાવતા કથા પક્ષ જેટલો દઢ થાય તેટલી ભક્તિમાં નિષ્ઠા દઢ થાય છે. દઢાશ્રય વિનાની ભક્તિ ઘી વગરની રોટી જેવી સ્નિગ્ધ લાગે છે.

સેવા કોની કરવી છે? ભક્તિ કોની કરવી છે? એ સ્વામી કેવા છે? અને કેવા પ્રકારમાં સેવકની અપેક્ષા છે? માથે બિરાજતા સ્વામીનું સ્વરૂપ કેવું છે.? આ બધુ જાણ્યા સિવાય તો ધ્યેય કઇ રીતે સિદ્ધ થાય? સ્વરૂપાનંદની પ્રાપ્તિ કરવી છે પણ જો સ્વરૂપથી જ અજાણ હોઇએ તો આનંદની પ્રાપ્તિ કઇ રીતે થાય?

જીવ પ્રભુનો અંશ છે. પ્રભુ આપણા અંશી છે. જીવ જ્યારે પ્રભુથી વિખુટો પડયો ત્યારે તેનામાં પ્રભુના બધા ગુણો સત-ચિત્ત અને આનંદ વિદ્યમાન હતા. આ બ્રહ્માંશ રૂપ ચિદંશને જ જ્યારે તેમાં રહેલો આનંદાશ તિરોહિત થઇ જાય ત્યારે તેને જીવાત્મા કહેવાય છે માટે જીવાત્મા આનંદ અંશને શોધવા માટે આમ તેમ સતત ભટકતો રહે છે.ભૌતિક સાધનો દ્વારા પ્રાપ્ત થતાં ભૌતિક સુખ પાછળ પાગલ બની જાય છે અને તેમાં આનંદની શોધ કરે છે. ક્યારેક તેમાં તેને આનંદની પ્રાપ્તિ પણ થાય છે પણ સમય સરકતા તે આનંદ પાછો તિરોહિત થઇ જાય છે. કારણ કે આધિભૌતિક આનંદ ક્યારેક શાશ્વત બની શકતો નથી. શાશ્વત આનંદનું પૂર્ણ સ્વરૂપ તો સદાનંદ શ્રીકૃષ્ણનું જ છે. નિરોધલક્ષણ ગ્રન્થમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

કિલિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।
તદા સર્વં સદાનન્દં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।

ભગવાનની પ્રાપ્તિ માટે ક્લેશને પામતા ભક્તજનોને જોઇને જ્યારે ભગવાન કૃપા-યુક્ત થાય છે ત્યારે હૃદયમાં રહેલા અખિલ સદાનંદ ગુણાતીત (શ્રીકૃષ્ણરૂપે) બહાર પ્રગટ થાય છે.

આ બહાર પ્રગટ થયેલું સ્વરૂપ એ આપણા પૂર્ણાનંદ પૂર્ણ પુરૂષોત્તમ છે. જે આપણા માટે સેવવા યોગ્ય છે. આવા સ્વરૂપનો પરિચય શ્રીહરિરાય મહાપ્રભુ આપણને આ બીજા શિક્ષાપત્ર દ્વારા કરાવે છે. પ્રભુને પ્રેમ કરવો છે? તો પ્રભુને જાણવા તો પડે ને! જાણ્યા વગર માણી કઇ રીતે શકાય? જાણ્યા પછી માણવાનો આનંદ કંઇક અનેરો જ હોય છે. એવા એ બાલકૃષ્ણ લાલજીનું સ્વરૂપ વર્ણન લીલાનું વર્ણન, સ્વભાવનું વર્ણન એ બીજા શિક્ષાપત્રનો વિષય છે. ''નિરોધલક્ષણ'' ગ્રન્થમાં આચાર્યચરણે જે નિરોધનું સ્વરૂપ સમજાવ્યું છે તે નિરોધની પ્રાપ્તિ અને સિદ્ધિનો હેતુ આ બીજા શિક્ષાપત્રનો હેતુ છે.

મા યશોદાજીની ગોદમાં ખેલનારા પ્રભુની આપણે સેવા કરવાની છે. યશોદાજીની ગોદમાં ખેલતા પ્રભુને આપણું પરમ તત્ત્વ જાણીએ એનાથી વિશેષ આપણા માટે બીજું કંઇ હોઇ શકે નહી. ગોર્વધન લીલા કરનાર એજ બાલકૃષ્ણ અને રાસલીલા કરનાર પણ તે જ છે. પ્રભુનું તે વિરૂદ્ધ ધર્માશ્રય સ્વરૂપ છે. પ્રભુ ઘનશ્યામ સ્વરૂપ છે. મંદ-મંદ સ્મિત કરી રહ્યા છે. અલૌકિક પ્રકાશિત સ્વરૂપ છે.

આવા આ અલૌકિક રસાત્મક શ્યામ સુંદરની છોટી છોટી વેણી છે, વાળ છે. વાંકડિયા વાળને માતાએ સુંદર રીતે ગુથ્યા છે. વાંકડિયા ગુચ્છાદાર વાળના ગુચ્છા સુંદર લલાટની બંને બાજુ ભ્રમરનાં ઝુંડની જેમ શોભી રહ્યા છે. એમાં માતાએ મોતી પરોવ્યા છે. વાળની લટોમાં સુંદર અલકાવલિનો શિંગાર ધર્યો છે. શ્યામ વેણીમાં શ્વેત મોતી અલકાવલિ જાણે શ્યામઘનમાં શ્વેત વિજળી ચમકતી હોય તેવી લાગે છે.

(અનુસંધાન પાના નં.-૨૧ પર)

શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય

- નરોત્તમદાસ તન્ના - બાંટવા

શ્રીમહાપ્રભુજીના દશમા બેઠકજી શ્રીગોવર્ધનનું ચરિત્ર : (શ્રીમાનસી ગંગાનાં બેઠકજીનું ચરિત્રઃ)

માનસી ગંગાની ઉપર આપ સાત દિવસ સુધી બિરાજ્યા, ત્યાં સુધી શ્રીભાગવતનું પારાયણ કર્યુ. તો ત્યાં કૃષ્ણ ચૈતન્યની ભજન કરવાની ઝોંપડી છે. તો તે સમયે કૃષ્ણ ચૈતન્યએ એવો સંકલ્પ કર્યો હતો. સવા લાખ ભગવદ્‌નામ લેવું તે પછી કોઇથી સંભાષણ કરવું, તો સવાલાખ ભગવદ્‌નામ પુરા થયા ન હતા. તો તે સમયે કોઇએ કહ્યું કે શ્રી આચાર્યજી મહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત કર્યા, તો ત્યારે આપે પુછયું કે તમને અહીં કેટલા દિવસ થયા છે. તો ત્યારે કૃષ્ણ ચૈતન્યએ કહ્યું, મહારાજ મને અહીં છ મહીના થયા છે અને માનસી ગંગામાં નિત્ય સ્નાન કરું છું, તો મારા મનમાં એ આકાંક્ષા છે કે વેદમાં કહ્યું છે કે માનસી ગંગા દુધમય(ભરેલ) છે. તો તેના મને દર્શન થશે. તો તેમાં હું સ્નાન કરીને શ્રીજગન્નાથ દેવ જઇશ. તો આજ રાત્રીમાં મને માનસી ગંગાએ કહ્યું છે કે શ્રી આચાર્યજી મહાપ્રભુ અહિં પધારશે તો ત્યારે તારો સર્વે મનોરથ સિદ્ધ કરશે. તે પછી આપે કમંડલમાંથી જલ લઇ કૃષ્ણચૈતન્યના નેત્રમા છિરકયું અને બધા વૈષ્ણવના નેત્રમાં છિરક્યું, તે પછી બધાનાં દિવ્ય નેત્ર થઇ ગયા ત્યારે બધાને માનસી ગંગાના આધિ દૈવિક સ્વરૂપ દૂધમય દર્શન થયા. તે પછી બધા વૈષ્ણવે દર્શન કરીને સ્નાન કર્યુ ત્યારે બધાના મનમાં આવિર્ભાવ થયો. પછી તેઓના નેત્રમાંથી લીલાનું તિરોધાન કર્યુ. તે પછી આપશ્રીએ ભાગવતનું પારાયણ કર્યુ. તો ત્યાં ચકલેશ્વર મહાદેવજી નિત્ય પારાયણ સાંભળવા આવતા. એક બ્રાહ્મણ મહાદેવજીનો ઉપાસક હતો. તે નિત્ય મહાદેવજીની પુજા કરતો. તેને નિત્ય સાક્ષાત્ દર્શન થતા, એ દિવસે તેને બપોર સુધી દર્શન ન થયા મધ્યાહન પછી શ્રીભાગવતનું પારાયણ સંપૂર્ણ થયું તે પછી મહાદેવજી પોતાના દેવાલયમાં આવ્યા ત્યારે બ્રાહ્મણને દર્શન થયા. તે પછી તે બ્રાહ્મણે પૂજા કરી અને પુછયું કે મહારાજ! અત્યાર સુધી આપ ક્યાં ગયા હતા તે પછી મહાદેવજીએ કહ્યું કે અમે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની પાસે નિત્ય કથા સાંભળવા જઇએ છીએ. તેથી તું સવારે જ પૂજા કર્યા કર, તે પછી આપ એક માસ સુધી ત્યાં બિરાજ્યા ત્યાંથી યમુનાવતા તથા કલોલકુંડ અડીંગમાં સ્નાન કર્યુ. પછી શ્રીગોવર્ધનમાં બ્રહ્મકુંડ, રિણમોચન, પાયર્માચન, ધર્મરાચન, ગોરોચન, નિર્વતકુંડ એટલા કુંડમાં સ્નાન કરીને પછી આપ પરાસોલી પધાર્યા. તો આ ચરિત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપશ્રીએ ગોવર્ધનમાં માનસી ગંગાની ઉપર બતાવ્યું. બીજા પણ અનેક ચરિત્ર છે તેમાં મુખ્ય છે તે લખેલ છે.

વિસ્તાર : માનસીગંગા બેઠકજીના બે પ્રસંગ છે. એક તો નામજપમાં લીન શ્રીચૈતન્ય મહાપ્રભુને માનસી ગંગાના દિવ્યરૂપ દર્શન કરાવ્યા. ચૈતન્ય મહાપ્રભુ નામ જપવામાં લીન થઇ જતા, પરંતુ નામ જપ તો ત્યારે કરવા જોઇએ જ્યારે હાથમાં સેવા ન હોય અગર સેવા પ્રકારનો અવસર નથી ત્યારે તે સમયમાં નામ જપ કરવા, આ વાત સુદૃઢ કરવાને માટે માનસીગંગા દૂધથી ભરેલા છે. તેવું બતાવ્યું, બીજા પ્રસંગમાં ચક્રેશ્વર મહાદેવ આપની કથા સાંભળતા હતા. યદ્યપી શ્રીમદ્ ભાગવત શ્રીશુકદેવજીનું રૂપ ધારણ કરીને ભગવાન શંકરે જે કહી હતી. પરંતુ તે જ્ઞાન કથા હતી. આચાર્યશ્રીએ જ્યારે પણ જે કથા કહી છે, તે ભક્તિની કથા છે. શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં જ્ઞાન વૈરાગ્ય કથામાં તેમનું દુઃખ દૂર થઇ ગયું જ્યારે વ્યક્તિનો સ્વાર્થ પુરો થઇ જાય છે, ત્યાર પછી ધર્મની સાથે તેને કાંઇ લેવા દેવા નથી. જ્ઞાન વૈરાગ્યની 'મા' ભક્તિને ભાગવત સાંભળવાથી આનંદ પ્રગટ થયો અને આનંદની કોઇ સીમા હોતી નથી.

(અનુસંધાન પાના નં.-૨૧ પર)

પુષ્ટિપાઠશાલા

'પ્રભુ કરે સો ભલી'
અથવા
'હરિ કરે સો હિત'

– સોનુ ઠક્કર, જૂનાગઢ

કબહુ કૃષ્ણ ઇચ્છા બિના, ડોલે નહિ એક પાત,
યહી દઢ ચિત્ત રાખિયે, લક્ષ બાત કી બાત.
– દયારામભાઇ

એક નાનકડું રાજ્ય છે. ત્યાં એક વૈષ્ણવ રાજા રાજ્ય કરે છે. હવે તે વૃદ્ધ થયા તેમને એક કુંવર છે. તે ઉમરલાયક છે એટલે ગાદીના વારસની ચિન્તા નથી. પરંતુ તેમનામાં સમજ શક્તિની જરા ઊણપ છે. હવે રાજા મરણ પથારી એ છે. ઘણા વિચાર કરીને પુત્રને (કુંવરને) પોતાની પાસે બોલાવી પૂછે છે.

''ભગવાનની પ્રેરણાથી મને એક ઉપાય સુઝયો છે, તે હું તને કહું છું. તુ એ પ્રમાણે વર્તજે. મારી મરતી વખતની આ ઇચ્છા તું પૂરી કરીશ ને કુંવર?''

'' હા, પિતાજી! તમે જરૂર કહો; હું એ પ્રમાણે જ કરીશ.'' કુંવરે રાજાને આશ્વાસન આપ્યું.

રાજા કહે છે ''ભાઇ, આપણા રાજ્યના વૈષ્ણવ કારભારી ભગવાનજીભાઇ ઘણા સમજુ છે. વયોવૃદ્ધ છે. એમને પૂછીને તું દરેક કાર્ય કરજે. વિશ્વાસ રાખજે કે એ જે કહે તે તારા ભલાને માટે જ હોય! એના પર પ્રભુની ઘણી કૃપા છે. હું એને પણ ભલામણ કરૂ છું. કે તને સાચી સલાહ આપતા રહે.''

સારું પિતાજી આપ જરાયે ચિન્તા ન કરશો. હું એમને મળતો રહીશ, એમની સલાહ માનીને ચાલીશ પછી કંઇ! પિતાને સંતોષ થયો. કારભારીને કુંવરની સારી રીતે ભલામણ કરી પછી એનો દેહ છુટી ગયો. કુંવર ગાદીએ બેઠો, રાજ્ય તો દિવાનજી ચલાવ્યા કરે છે. કુંવર કારભારીને અવાર-નવાર મળે છે. કાકા કહીને બોલાવે છે. નાની-મોટી વાતો એને કહે છે એ જે કંઇ સલાહ આપે તે સાંભળે છે. એમ દિવસો વીતતા જાય છે.

એક દિવસ રાજા એના લાડકવાયા નાના પુત્રને રમાડે છે. એક-બે શેરડીના સાઠા પડયા હતા. પુત્ર કહે છે, ''મારે શેરડી ખાવી છે. તમે કટકા કરી આપો. પુત્રને પિતાના હાથની કરેલી શેરડી જ આવી હતી. બાળકે હઠ લીધી. રાજા ચપ્પુ લઇને શેરડી છોલવા બેઠા પણ કોઇ દિવસ છોલી હોય તો આવડે ને! જેમ-તેમ છોલી તો ખરી પણ કટકા કરવા જતાં, શેરડીને બદલે આંગળીના કટકા કરી નાખ્યા. ચપ્પુ ટચલી આંગળીની આરપાર ઉતરી ગયુ હતુ. રાજા ગભરાયો નોકરોએ દોડાદોડ કરી મુકી કોઇ વૈદ્યને બોલાવી લાવ્યુ, મલમપટ્ટા થયા, બધાને ખબર પડી. અનેક સંબંધીઓ રાજાને મળવા આવવા લાગ્યા. દિવાન આવી ગયા પછી કારભારીએ સાંભળ્યુ તે પણ આવ્યા. રાજા કહે છે, 'કાકા આજ તો ઘણુ ખોટુ થઇ ગયું, મને ઘણી પીડા થાય છે. રૂઝાશે પછી પણ કપાયેલી આંગળીને લીધે હું કેવો ખોડવાળો દેખાઇશ'

કારભારી કહે છે, 'હોય ભાઇ, શું થાય! ભગવાન જેમ રાખે તેમ રહેવું. જે દુઃખ આપે તે સહેવું. હું તો કહું છુ કે ભગવાન કરે છે તે ભલુ જ કરે છે. આંગળી કપાઇ એમાં પણ કંઇક સારું જ હશે.

બધા આવનારાઓ રાજાના દુઃખ માટે બળાપો કરી ગયેલા અને કારભારી એથી ઊંધુ જ બોલે છે. રાજાને આ ગમ્યુ નહિ; પણ શું થાય! પિતાનું વચન પાળવાનું છે. એના મનમાં એમ પણ આવી ગયું કે પહેલા તો આ માણસ સારો દેખાતો હતો પણ હવે મારી બુરામાં રાજી છે નહિ તો આવું કહે? હવે એનો વિશ્વાસ રાખવા જેવો નથી. રાજા કારભારીને કંઇ કહી શકતો નથી. કેમ કે એનું માન રાખતો આવ્યો છે; પણ મનમાં ગાંઠ વાળે છે અને મળવાનું પણ ઓછું કરી નાખે છે. એક-બે વર્ષ વીતી જાય છે. અમુક સંજોગો વસાત્ રાણી મરી જાય છે. અનેક સંબંધીઓ રાજાને સાન્ત્વન આપવા આવે છે. આવે પ્રસંગે કારભારીએ તો આવવું જ પડે ને! એ આવી તે રાજાને કળે છે. રાજાથી કહેવાઇ જાય છે.

કાકા, હું તો બહુ દુ:ખી થઇ ગયો. આવુ બનવાની તો મેં કલ્પના યે નહોતી કરી. આવી શાણી રાણી મને મુકીને ચાલી ગઇ. એના પ્રેમને હું ભૂલી શકતો નથી. મને ખાવા-પીવાનું ય ભાવતુ નથી. અરે રે! હવે મારૂ શું થશે? કારભારી કહે છે, 'શું થાય ભાઇ! દુ:ખનું ઓસડ દિવસો ! ધીમે ધીમે ભૂલાશે દુ:ખ કરવાથી હવે શું વળવાનું છે? જે ગયુ તે કદી પાછું આવ્યુ છે? હું તો કહુ છું કે ભગવાન ઉપર વિશ્વાસ રાખવો. એ જે કરે છે તે ભલુ જ કરે છે. રાણીજી મરી ગયા એમાં પણ મને તો લાગે છે કે ઇશ્વરે કંઇક ભલું જ કર્યુ હશે.' આ સાંભળતા જ રાજાને, બળતામાં ઘી હોમાયા જેવું થયું. એણે રડતાં રડતાં કારભારી પર ગુસ્સો ઠાલવ્યો. સમજ તો એનામાં ઓછી હતી જ. પરિસ્થિતિ કારભારી સમજી ગયા. બે સારા શબ્દો કહીને ત્યાંથી ચાલ્યા ગયા. ત્યાં એક-બે વર્ષ વીત્યાં. ગત રાણીનું એકનું એક સંભારણું એનો લાડકવાયો પુત્ર શીતળામાં મરી ગયો. હવે તો રાજાના દુ:ખનો પાર નહોતો. એ દિવાના જેવો બની ગયો.

અમલદારો-આગેવાનો બધા આવે છે. જાતજાતના આશ્વાસન આપે છે. પેલા કારભારી પણ આવ્યા. રાજાને આકુળ વ્યાકુળ જોઇને એમને દયા આવી. પોતે ભગવદ્ ભક્ત છે. લૌકિક દુ:ખ થી દુ:ખી થવાનું તો એના સ્વભાવમાં જ નથી. એને મનમાં થઇ આવે છે. આનો પિતા મને સોંપી ગયો છે. મારું તો કર્ત્વ્ય છે કે સાચી સલાહ આપવી. ન માને તો એના ભાગ્યની વાત છે. પણ હું તો બે શબ્દો કહું, ''ભાઇ, મેં તો તમને વારંવાર કહ્યુ છે કે ગમે તેવી આપત્તિમાં પણ કલેશ ન કરવો. ભગવાન આપણા હિતેસ્વી છે એ કદી ખોટુ કરે જ નહિ અને એની ઇચ્છા વિના પાંદડું પણ હલતું નથી. હું તો કહું છું કે તમે એમ જ માનો કે પુત્ર ગયો તેમાં પણ ભગવાને કંઇક ભલું જ વિચાર્યુ હશે.

રાજા આ શબ્દો સાંભળી શક્યો નહિ. આંખો લાલ-લાલ થઇ ગઇ એનું મન ઠેકાણે નહોતું. કારભારીને ત્યાં જ રાખીને એ અંદર ચાલ્યો ગયો.

કારભારીને જરા પસ્તાવો થયો. ભક્તનો સરળ સ્વભાવ અહી અવળો પડયો હતો. પણ શું થાય? અનુભવીનો ઉપદેશ છે કે જેને તેને ઉપદેશ ન આપશો.

ઉપદેશો ન દાતવ્યો, યાદશે તાદશે નરે।
પશ્ય વાનર-મુખેણ, સુર્ગહી નિગ્રહી કૃતા।।

ઓછી સમજવાળો રાજા, અંદર બેઠો બેઠો કારભારીનું કાસળ કાઢવાનું વિચારી રહ્યો હતો. આવા માણસને હું બરાબર પાઠ ભણાવું એ મારા બુરામાં જ રાજી છે, એ વાત ચોક્કસ! દરેક વખતે આવીને એ મને દાઝયા ઉપર ડામ દે. મને એમનું મોં જોવુ ય નથી ગમતું. રાજાને અત્યન્ત ક્રોધ ચડી ગયો હતો. કહેવાય છે ને કે યૌવન, ધન, સત્તા અને સાથે વિવેક બુદ્ધિનો અભાવ હોય ત્યારે માનવી અનર્થ કરી બેસે છે.

થોડા દિવસો બાદ રાજાએ ચાર માણસોને મોકલ્યા અને કહ્યુ કે ''કારભારી દરરોજ સવારે એક વાવમાં ન્હાવા જાય છે. ત્યાં અંધારામાં અને એકાંતમાં જ એને પુરો કરી નાખજો.'' બીજા દિવસે સવારે માણસો હથિયાર સાથે વાવ પાસે જઇને છુપાઇ રહ્યા. પણ હરિ રાખે તેને કોણ ચાખે! ભગવાન પોતાના ભક્તના પક્ષપાતી છે, રક્ષણહાર છે. પ્રભુએ કારભારીના મનમાં પ્રેરણા કરી એને વિચાર આવ્યો, રોજ આ વાવમાં જાઉ છું ત્યાંનું પાણી સારું નથી માટે આજથી વાવ બદલી નાખવી છે અને એ બીજે રસ્તે થઇ બીજી વાવમાં ન્હાવા ગયા. ત્યાં પેલા માણસો રાજા પાસે સમાચાર લઇને આવ્યા. 'રાજા સાહેબ, આપણા કારભારીને મોટી ઉપાધિ આવી છે. રોજની વાવડી મૂકીને આજે પેલી જીર્ણ વાવ પર ગયા ત્યાં અંધારામાં હાથ ટેકવતાં જ ભીંત તુટી ગઇ બિચારાનો પગ ભાંગી ગયો છે રાજાને ખબર મળતા જ પાલખીમાં બેસી કારભારીને ઘરે આવ્યા. કારભારીએ રાજાનો ઘણો સત્કાર કર્યો. ભક્તનાં હૃદયમાં તો કંઇ રાગદ્વેષ હોય જ

નહિ. રાજાએ એમને સમાચાર પૂછયા! શું થયુ? કેમ થયુ? પછી કહે, કાકા તમને દુઃખ થયું મને ઘણુ લાગી આવે છે. આ તો બહુ ખોટું થયુ. આજે કેમ બીજી વાવડીએ ગયા? કારભારી કહે છે, 'ભાઇ! મારા મનમાં દુઃખ નથી થતુ અને તમને શા માટે થવું જોઇએ! દેહનાં દંડ દેહ ભોગવે. જાણે અજાણે કંઇ દોષ અપરાધ થયો હશે તેનું ફલ તો દેહને ભોગવવું જ પડે ને! મારા પ્રભુ કદી ખોટુ કરે જ નહિ. પોતાના જનોનું શુળીને દુઃખ કાંટે સારે છે! કોણ જાણે મરવાની ઘાત પ્રભુએ પગ ભાંગીને મટાડી હશે તો! ભગવાન તો ભલું જ કરે છે. 'પ્રભુ જો કરે સો ભલી'. એ વાત ચોક્કસ છે. રાજા સમજી ગયો કે આ માણસને તો દરેક વાતમાં આવુ જ વિચારવાની ટેવ છે. મે નકામો એના બોલવાનો અવળો અર્થ લીધો અને એની વાત પણ સાચી છે કે રોજની વાવડી એ ગયા હોત તો એનું મરણ નિશ્ચિત હતુ.

પિતાજી કહેતા હતા તે વાત તો ખરી. ઘણો સમજદાર માણસ છે. ભગવાનનો ભક્ત છે. ભગવાને જ એને બચાવ્યો. એનો ઘાત થયો હોત તો મારે માથે આવા ભક્તની હત્યાનું પાપ ચઢત. રાજાને ઘણો પસ્તાવો થાય છે. ફરી પહેલાની જેમ વારંવાર સલાહ માગે છે અને હવે તો સત્સંગ પણ કરે છે. તેથી રાજા શ્રીગુસાંઇજીનો સેવક થાય છે. એની બુદ્ધિ નિર્મળ થતી જાય છે. વળી, કેટલોક સમય વીત્યો. રાજા મહેલમાં બેઠા છે. ત્યાં બાજુના પ્રદેશના રાજાનું લશ્કર આવી રાજાને કહે છે. અમારા મહારાજા તમને મળવા માંગે છે. આમારી સાથે ચાલો. રાજા વિચારમાં પડી ગયા મને બોલાવવાનું શું પ્રયોજન હશે? લાવને કાકાની સલાહ લઉ. કારભારીને પૂછયુ એમણે પ્રભુનું સ્મરણચિન્તન કર્યુ. જે પ્રેરણા થઇ તે સલાહ આપી. ભાઇ, મારૂ મન તો કહે છે કે તમારે જવું જોઇએ રાજી ખુશી થી નહિ જાઓ તો જબરદસ્તી લઇ જશે. મોટો રાજા છે લડાઇમાં ઉતરવું પડશે. લડાઇમાં પહોચાય તેમ નથી માટે જરૂર જવું આમાં પણ કંઇક સારૂ જ હશે.

રાજાએ કાકાની સલાહ માની અમુક માણસો સાથે રાજા જાય છે. તે પ્રદેશનાં રાજાએ એક વિશાળ તળાવ ખોદાવેલુ. બાર વર્ષ થઇ જવા છતાં તેમાં પાણી ન રહેતું તો કોઇ બ્રાહ્મણે કહ્યુ કે કોઇ બત્રીસ લક્ષણા પુરૂષને લાવીને ભોગ આપો તો તળાવમાં પાણી રહેશે. માટે રાજાને ત્યાં લઇ ગયા. યજ્ઞ આરંભાયો છે. મંત્રોચ્ચાર થાય છે ને ઢોલ વાગે છે. રાજા ચીસો પાડે છે. એના કલ્પાન્તનો પાર નથી ત્યાં એક પુરોહિતની નજર રાજાના હાથ પર પડી. એની કપાયેલી આંગળી દેખાઇ ગઇ. અરે! આ તો ખંડિત બલિ કહેવાય. આ બલિદાન આપેલુ તો નિરર્થક જાય. બીજી પુછપરછ કરી તો જાણવા મળ્યુ રાણી અને પુત્ર પણ મરી ગયા છે. આ તો વિધુર અને અપુત્ર કહેવાય. આ બલિ સર્વથા ન અપાય. યજ્ઞ અટકાયો અને રાજાને બંધન મુક્ત કર્યા. આવા વખતે હવે એમને કારભારી યાદ આવ્યા મન મનથી એને સેંકડો પ્રણામ કરવા લાગ્યા, કાકા તમારી વાત સાચી હો! ભગવાન જે કરે તે ભલાને માટે જ હોય છે.

ત્યારબાદ એને પોતાના પિતાના વખતની એક વાત યાદ આવી ત્યારે પણ એક તળાવમાં પાણી ન રહેતુ. ત્યારે જે વિધિ કરવાથી પાણી રહેવા માંડયુ તે વિધિ પહેલા મહારાજાને સમજાવીને તળાવ પુરૂ ભરાઇ ગયું. તેની વર્ષોની અભિલાષા પુરી થઇ અને તે મહારાજા એ પોતાની કુંવરીના રાજા સાથે લગ્ન કર્યા. રાજા મહેલમાં જવાને બદલે પહેલા સીધા કારભારીને ઘરે પહોચ્યા અને હરખથી ભેટી પડયા. કાકા, કાકા! હું પરણીને આવ્યો અને કાકા તમારી વાત સાવ સાચી હો! આંગળી, રાણી અને પુત્ર ન ગુમાવ્યા હોત તો મારા સો એ વરસ ત્યાં પુરા થઇ ગયા હોત. ''પ્રભુ જો કરે સો ભલી!'' હવે મને પુરી ખાત્રી થઇ ગઇ છે.

(અનુસંધાન પાના નં - ૨૩ પર)

પુષ્ટિપાઠશાલા
વૈષ્ણવબાલ
એક્ટીવિટી

- રાધિકા કારિયા, જૂનાગઢ

નીચેના ષોડશગ્રન્થો પૈકી શ્રીમહાપ્રભુજીએ ક્યો ગ્રન્થ કોના માટે રચ્યો કે કોને સમજાવ્યો તે જણાવો.

(પુરૂષોત્તમ જોશી, અચ્યુતદાસ સનોઢિયા, નરહરિ સન્યાસી, બૂલા મિશ્ર, રાણાવ્યાસ-ભગવાનદાસ સાંચોરા, ગોવિન્દ દૂબે, નારાયણદાસ કાયસ્થ)

(૧) બાલબોધ :- ....

(૨) સિદ્ધાન્ત મુક્તાવલી :- ....

(૩) નવરત્નમ્ :- ....

(૪) શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રમ્ :- ....

(૫) ચતુઃશ્લોકી :- ....

(૬) ભક્તિવર્ધિની :- ....

(૭) સંન્યાસનિર્ણય :- ....

નીચેનામાંથી કયું ભગવદ્ સ્વરૂપ હાલ ક્યાં બિરાજે છે તે જોડકા જોડી જણાવો.

(૧) શ્રીનવનીતપ્રિયાજી	(a) કોટા	(૧) ......
(૨) શ્રીમથુરેશજી	(b) નાથદ્વારા	(૨) ......
(૩) શ્રીવિઠ્ઠલનાથજી	(c) સુરત	(૩) ......
(૪) શ્રીદ્વારીકાધીશજી	(d) કામવન	(૪) ......
(૫) શ્રીગોકુલનાથજી	(e) કાંકરોલી	(૫) ......
(૬) શ્રીગોકુલચંદ્રમાજી	(f) નાથદ્વારા	(૬) ......
(૭) શ્રીબાલકૃષ્ણજી	(g) ગોકુલ	(૭) ......
(૮) શ્રીમદનમોહનજી	(h) કામવન	(૮) ......

ગત માસના અંકના ઉત્તરો : ૧.(१) वेदपारगः (२) व्रजप्रिय (३) श्रीकृष्ण-हार्दवित् (४) गोवर्धनस्थित्युत्साह (५) सत्य-प्रतिज्ञस् (६) प्रियव्रजस्थितिः (७) भक्तेच्छा-पूरकः (८) पतित-पावनः (९) रहःप्रियः (१०) निगूढ-हृदयः (११) सर्वशक्तिधृक् (१२) कृष्ण-नाम-सहस्रस्य वक्ता (१३) पूर्णानन्दः (१४) विमुक्तिदः (१५) उग्रप्रतापो (१६) वैश्वानरः (१७) महोदारचरित्रवान् (१८) स्त्रीशुद्राद्युद्धृतिक्षमः (१९) साकार-ब्रह्म-वादैक-स्थापक (२०) श्रीकृष्णास्यम् (२१) भक्त्याचारोपदेष्टा (२२) चतुर्वर्ग-विशारदः (२३) अङ्गिकृतौ समर्यादो (२४) कृपानिधि (२५) अदेय-दान-दक्षश्च

૨. (૧) શ્રીદામોદર (૨) શ્રીગોપીનાથજી (૩) દામોદર દાસ (૪) દ્વારકાધીશજી (૫) શ્રીબાલકૃષ્ણજી (૬) શ્રીબ્રહ્માંડ ઘાટ (૭) શ્રી સુરદાસજી (૮) શ્રીગિરિરાજજી (૯) શ્રીગોવિન્દ કુંડ (૧૦) વસંત પંચમી

કાવ્યકણિકા

- બુટાણી અંજુબેન જી. - જુનાગઢ

જયશ્રી રાધે કૃષ્ણનામ

જીવ તું પલ પલ રટી લે જયશ્રી રાધે કૃષ્ણનામ
કિર્તન ક્ષણ ક્ષણ કરી લે, જયશ્રી રાધે કૃષ્ણનામ

સુરદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીમથુરાનાથ,
જીવ તું...

કુંભનદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીગોવર્ધનનાથ,
જીવ તું...

કૃષ્ણદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીમદનમોહન,
જીવ તું...

પરમાનંદદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીનવનીતરાય,
જીવ તું...

છીત સ્વામી એ કીર્તન કર્યુ મળ્યા શ્રીવિઠ્ઠલનાથ,
જીવ તું...

નંદદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીગોકુલચંદ્ર,
જીવ તું...

ચતુર્ભુજદાસે કીર્તન કર્યુ મળ્યા શ્રીગોકુલનાથ,
જીવ તું...

ગોવિંદસ્વામીએ કીર્તન કર્યુ મળ્યા શ્રીદ્વારિકાનાથ,
જીવ તું...

અષ્ટસખાએ કીર્તન કર્યુ મળ્યા જગતના નાથ,
જીવ તું...

કીર્તન કરતા કરતા જીવ તું કરી લે પ્રભુ ગુણગાન,
જીવ તું...

માનવ અવતાર ફરી નહિ મળે રે લોલ

નામ રટો ને બાલકૃષ્ણનું રે લોલ
મુકો ને સાચા ખોટા બોલ રે,
માનવ અવતાર...

બલીરાજાનું દાન પ્રભુએ સ્વીકારવા રે લોલ
ધર્યુ છે કાંઇ વામન સ્વરૂપ રે,
માનવ અવતાર...

પ્રહલાદજીએ કરી નામસ્મરણ ભક્તિ રે લોલ
નરસિંહ રૂપે કર્યો પ્રહલાદ ઉદ્ધાર રે,
માનવ અવતાર...

હનુમાનજીએ કરી દાસ્ય ભક્તિ રે લોલ
સ્વામી થયા શ્રીરામચંદ્રજી રૂપે રે,
માનવ અવતાર...

પરિક્ષીત રાજા ઉત્તમ શ્રોતા થયા રે લોલ
શ્રીભાગવતજી રૂપે કર્યો રે ઉદ્ધાર રે,
માનવ અવતાર...

શ્રીગોપીજનો એ કરી પ્રેમભક્તિ રે લોલ
વ્રજમાં વ્હાલે ધર્યુ શ્રીકૃષ્ણ રૂપ રે,
માનવ અવતાર...

કીર્તન કરો શ્રીકૃષ્ણનું રે લોલ
પ્રેમે વ્હાલો વ્રજમાં પ્રગટ થાય રે,
માનવ અવતાર...

પુષ્ટિ-ચિન્તન

- હિમાંશુ પાઘડાર, જૂનાગઢ

■	■	■	■	૧	■	■	■	■	૨	■
■	૩				■	■	૪			■
■	■	■	■	■	■	■		■		■
૫				૬			■	■	■	■
	■	■	■		■	■	૭		૮	
	■	■	■	■	■	■	■	■		■
૯		૧૦			■	■	૧૧	■		■
	■		■	■	૧૨	■	૧૩			૧૪
	■	■	■	■		■		■	■	
■	■	■	■	■	■	■		■	૧૫	■
૧૬	■	૧૭				■		■		■

આડી ચાવી:-

(૩) ૧૦૦ જન્મસુધી અશ્વમેધ-યજ્ઞ નિષ્કામ ભાવે કરવાના ફલ રૂપે ક્યાં પદની પ્રાપ્તિ થાય છે?... (૪)

(૪) ગૃહસ્થાશ્રમની ચાર વૃત્તિ માંથી અલ્પધાન્ય યાચના વાળી વૃત્તિ... (૩)

(૫) શ્રીમદગ્નિકુમાર શ્રીગુસાંઇજીનું રચેલું શ્રીમહાપ્રભુજીના એકસો આઠ દિવસ નામનું શ્રીઆચાર્યજીનું નામાત્મક સ્વરૂપ... (૭)

(૭) વ્યાપિવૈકુઠ લોકની અંદર ....નામના ઉદ્યાનમાં પ્રણવબીજવાળું વેદવૃક્ષ છે?...(૪)

(૯) જે લોકોને માત્ર જીવવું જ છે અને જીવવા માટે જ જેના પ્રયત્નો છે તે સૃષ્ટિ...(૫)

(૧૩) ભગવાને શ્રીમુખે જણાવ્યું છે, સૃષ્ટિના પ્રારંભમાં પોતાના નાભિકમલમાંથી બ્રહ્માજી થયા, પદ્મમાં નિષન્ન છતાં વિષન્ન થયા. ભગવાને અનુગ્રહ કર્યો. પોતાનું પરમજ્ઞાન દીધું જેમાં ભગવાનનો મહિમા પ્રકાશ થયો. ભગવાનનાં સ્વરૂપની અલૌકિક સામર્થ્ય, ભગવાનની અલૌકિક લીલા, ભગવાનના સ્વરૂપની અલૌકિક ગુણો સ્પષ્ટ છે, જેને વિદ્વાનો શું કહે છે?...(૪)

(૧૭) જીવનનું અંતિમ ધ્યેય નકકી કરી, તેની પાછળ સફળ પ્રયત્ન એટલે...(૪)

ઊભી ચાવી:-

(૧) વસુદેવજી અને રોહિણીનાં એક પુત્ર...(૨)

(૨) સત્સંગશીલ સેવકનાં ચાર ગુણો માંથી એક...(૩)

(૪) સાત દ્વીપ માંથી એક...(૨)

(૫) પ્રભુની લીલાને શ્રીમદ્ ભાગવતજીનાં ગુઢાર્થોને પ્રકટ કરવા માટે ભગવદ્આજ્ઞાથી દૈવોદ્ધાર પ્રયત્નાત્મા રૂપે, શ્રીમુખ્ય સ્વામીની રાધાજી રૂપ, ભગવાનનાં મુખારવિન્દરૂપ વૈશ્વાનર, અગ્નિરૂપ, શ્રીમદાચાર્યચરણ વસ્તુતઃ, રાસસ્ત્રીભાવ-પૂરિત-વિગ્રહ કોણ પ્રકટ થયુ છે?...(૬)

(૬) એક ઇન્દ્રિય....(૨)

(૮) વિદુરજી કોનો અવતાર છે?...(૪)

(૧૦) ભરતરાજાના નવ નાના ભાઇઓમાંથી એક જેઓ ભગવાનના મહાભક્ત હતા...(૨)

(૧૧) ધર્મ ત્રણ પ્રકારનો છે, તેમાંથી એક...(૫)

(૧૨) શું કરવાથી શરણાગતિ ખંડિત થશે?...(૨)

(૧૪) ભગવાનનો એક ગુણ...(૨)

(૧૫) કશ્યપમુનિ અને અદિતિના એક દેવતારૂપ પુત્ર.(૨)

(૧૬) આકૃતિ અને રુચિમુનીની પુત્રી... (૧)

ઉત્તરઃ આડી ચાવીઃ- (૩) બ્રહ્મપદ, (૪) શાલીન, (૫) શ્રીસર્વોત્તમસ્તોત્ર, (૭) નૈઃ શ્રૈયસ, (૯) પ્રવાહ સૃષ્ટિ (૧૩) ભાગવત, (૧૭) પુરૂષાર્થ

ઊભી ચાવીઃ- (૧) ગદ, (૨) દીનતા, (૪) શાડ, (૫) શ્રીમહાપ્રભુજી, (૬) મન, (૮) યમદેવ, (૧૦) હરિ, (૧૧) સ્વભાવશુદ્ધ, (૧૨) દંભ, (૧૪) તપઃ (૧૫) મિત્ર (૧૬) શ્રી.

શ્રીગિરિરાજધરણ લીલા

– ભાવનાબેન ધામી, જૂનાગઢ

દિવાળી...દીપપ્રાકટ્ય... અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી દીપનું પ્રાકટ્ય કરવાનો પ્રભુનો નિર્ધાર... અન્યાશ્રયરૂપી અંધકારમાંથી પોતાના જનોને અનન્ય આશ્રયરૂપી પરમ તેજ તરફ લઇ જવાનો પ્રભુનો નિર્ધાર...

દિવાળી પછીનો બીજો દિવસ અન્નકૂટ ઉત્સવ. અન્નકૂટનું નામ પડતા જ નજર સમક્ષ દૃશ્યમાન થાય છે સારસ્વતકલ્પની કૃષ્ણલીલા... પ્રભુની વ્રજલીલા નંદ-યશોદા, ગોપી-ગોપીઓ, વ્રજના સ્થળો,ગાયો-ગોવાળો, પ્રભુના સખાઓ, શ્રીગિરિરાજજીમાં પ્રભુએ કરેલી લીલાઓ દાનલીલા, માનલીલા, ગોચારણલીલા, રાસલીલા એવી અનેક લીલાઓના સાક્ષી, ગાયોનું વર્ધન કરનાર શ્રીગિરિરાજજી, પ્રભુનાં સુખ માટે કુંજ-નિકુંજ, ફલ-ફુલ આપનાર... ગોવર્ધને કંદક્ફલોપહારી... રાસોત્સવોદ્રેક્ષ, રસાબ્ધિસારી... વ્રજમંડળનો પર્યાય, વ્રજનું હાર્દ, પુષ્ટિસૃષ્ટિનું હાર્દ...

અન્નકુટ ઉત્સવ એટલે અન્યાશ્રય ત્યાગ અને ભગવાન શ્રીકૃષ્ણનો અનન્ય આશ્રયનો સ્વીકાર...

સર્વધર્માન પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ
અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો ઉપદેશ એનો અક્ષરસઃ સાકાર અનુભવ એટલે અન્નકૂટ ઉત્સવ-ગિરિરાજધરણલીલા. અશ્વિન અમાવાસ્યાની સંધ્યાએ નંદરાયજી, સર્વ વ્રજવાસીઓ પરંપરાથી ચાલી આવતી ઇન્દ્રયાગની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હતા. પ્રભુએ બધાને ઇન્દ્રયાગ બંધ કરી ગાયોનું વર્ધન કરનાર શ્રીગિરિરાજજીનું પૂજન કરવાનું સમજાવ્યું. ભગવાને કહ્યું આપણે તો વન અને પર્વતમાં રહેનારા છીએ. આપણે ઇન્દ્ર સાથે કોઇ સમ્બન્ધ નથી માટે આપણે તો આપણા ગો-ધનની રક્ષા કરનાર, વર્ધન કરનાર શ્રીગિરિરાજજીનું પૂજન કરીએ. તેમને ભોગ ધરીએ, તેમની પ્રદક્ષિણા કરીએ મારો મત આ છે. બધા સર્વ સંમત થયા. **હમારો કાન્હ કહે સોં કીજે, આવો સિમિટ સકલ વ્રજવાસી પરબતકો બલિ દીજે....** પણ બધાનાં મનમાં પ્રશ્ન હતો કે કેવી રીતે કરવું શ્રીગિરિરાજજીનું પૂજન? ભગવાને દરેકને પોતાના ઘરેથી પોતાના ભાવ અનુસાર ભાત-ભાતની સામગ્રી તૈયાર કરવાનું કહ્યું કાર્તિક માસનો પ્રથમ દિવસ સર્વ વ્રજવાસીઓ અતિ ઉત્સાહથી પોત-પોતાના ઘરેથી પોતાના ભાવ સામર્થ્ય અનુસાર ફલ-ફૂલ, શાક, પકવાન, મિઠાઇ, ખીર, પુરી, લાડુ એવા છ પ્રકારના રસયુક્ત મન ગમતા સ્વાદિષ્ટ ભોજન લાવ્યા જેને જે મનોરથ હતો તે બધુ તૈયાર કર્યુ. પ્રભુની ઇચ્છા અનુસાર પ્રથમ શ્રીગિરિરાજજીને પંચામૃત કર્યા, દૂધથી જલથી અભિષેક કર્યો, વસ્ત્ર ધરાવ્યા, ચંદનનો લેપ કર્યો, તિલક કર્યુ અને બધાએ લાવેલો ભોગ ધર્યો અન્નનો જાણે કોટ રચાય ગયો. વિશ્વરૂપ પ્રભુએ પોતાનુ એક સ્વરૂપ ગોવર્ધનમાં મુક્યુ અને બીજું સ્વરૂપ નંદબાવાની સાથે પરિક્રમા કરે છે. પ્રભુ પોતાનો શ્રીહસ્ત લંબાવીને બધા વ્રજવાસીઓની સામે જ ભોગ આરોગવા લાગ્યા. અને ભોગના બહાને બધાનો સ્નેહ અંગિકાર કર્યો.

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ

બધા એ આવી રીતે ગોવર્ધન યાગ કર્યો અને પરિક્રમા કરવા લાગ્યા. શ્રીગિરિરાજજીને બિરિ આરોગાવી આરતી કરી, ગાયોને પ્રસાદ ખવડાવ્યો, બધાએ સાથે મળીને પ્રસાદ લીધો, બધા આનંદ-મંગલ કરીને પોતાને ઘરે ગયા. અદ્‌ભૂત અલૌકિક યજ્ઞ સમ્પન્ન થયો. ઇન્દ્રયાગ ને બદલે ગોવર્ધન યાગ થયો એટલે ઇન્દ્ર નો અહંકાર જાગૃત થયો. તેણે પ્રલય જેવો મેઘ વરસાવી વ્રજવાસીઓને ડરાવવાનું ચાલુ કર્યુ. બધા વ્રજવાસીઓ ગભરાઇ ને ભગવાન શ્રીકૃષ્ણને શરણે ગયા. શરણાગત વત્સલ ભગવાને બધા વ્રજવાસીઓને અભય આપ્યું. **આશકરન પ્રભુ મોહન નાગર પાન્યો પછાવરિ પીજે...**

નટખટ પ્રભુએ જાણે શ્રીગિરિરાજજીને સંકેત કર્યો કે આટલા બધા ભોગ આરોગ્યા પછી જલ પણ ખૂબ પીવું જોઇએ. અને ઇન્દ્ર ની આ સેવા સ્વીકારો... પ્રભુએ સાત દિવસ સુધી શ્રીગિરિરાજજીને પોતાના હસ્તમાં ધારણ કર્યા અને નિસાધન વ્રજવાસીઓની રક્ષા કરી બતાવ્યું કે જે મારા શરણે છે તેમનો રક્ષણહાર હું છું. ગમે તેવી વિકટ પરિસ્થિતીમાં પણ પ્રભુ રક્ષણ કરે છે માત્ર જરૂર છે દૃઢ અનન્ય આશ્રયની, અનન્ય શરણાગતિની પ્રભુ પર્વત ઉઠાવીને પણ રક્ષણ કરશે તેવું સિદ્ધ કરી બતાવ્યું. **લીલા લાલ ગોવર્ધનધર કી... સાત દ્યોસ ગિરિવર કર ધાર્યો... મેટી તૃષા પુરંદર દર કી** અને ભગવાન શ્રીકૃષ્ણ ગોવર્ધનધરણ તરીકે ઓળખાયા. ઇન્દ્રએ જોયું કે વ્રજને તો કાંઇજ નથી થયુ વ્રજ તો પ્રભુની છાંયા તલે સુરક્ષિત છે. ત્યારે ઇન્દ્ર નાં અહંકારનું -ગર્વનું ખંડન થયું. જય જય લાલ ગોવર્ધન ધારી ઇન્દ્રમાનભંગ કીનો... તેણે આવી પ્રભુની ક્ષમા માંગી, પૂજન કર્યુ, પ્રભુનો ગંગાજલથી અભિષેક કર્યો અને દીનતાથી પ્રભુના ચરણમાં પડયો. સુરરાજ આજ પાયન પર્યો, ગિરિધર આપુનો કર્યો... પ્રભુનો જયજયકાર થયો એ દિવસથી પ્રભુનું નામ પડયું ગોવિન્દ અને આ દિવસને યાદ રાખીને પ્રભુને અન્નકુટ ધરવામાં આવે છે. પ્રભુની આ લીલાનાં કારણે આપણને પ્રભુનું એક સુંદર નામ પ્રાપ્ત થયું **''શ્રીગિરિરાજધરણ''**, શ્રીગિરિરાજ પૂજનનો અમૂલ્ય લ્હાવો પ્રાપ્ત થયો. શ્રીગિરિરાજજી બન્યા પુષ્ટિભક્તોની આસ્થા, શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસનું પ્રતિક...

શ્રીગિરિરાજધરણલીલા દ્વારા જગતમાં પ્રભુએ સ્થાપિત કર્યુ કે પૂર્ણ પુરૂષોત્તમ પરાત્પર તત્ત્વ તો એક ભગવાન શ્રીકૃષ્ણ જ છે. એમનું જ શરણ ગ્રહણ કરો, એ જ અભયત્વ આપશે, સર્વ પ્રકારે અનન્ય શરણાગતનું રક્ષણ કરશે. શ્રીગિરિરાજધરણ કી જય...

આપશ્રીના શ્રીચરણોમાં દિપાવલી-નવા વર્ષના કોટિ-કોટિ દંડવત્ પ્રણામ...

સર્વ વૈષ્ણવોને નવા વર્ષનાં જયશ્રીકૃષ્ણ

(શ્રીવલ્લભની વાણી અનુસંધાન પાના નં.-૭)

શ્રીપુરુષોત્તમજી એવો અભિપ્રાય જણાવે છે કે બધુ છોડીને ભગવત્સ્વરૂપમાં જ પરાયણ એવા ભક્ત છે તેને નિરન્તર ઘરમાં રહેવું એ તેની ભગવત્પરાયણતાનો નાશ કરનાર છે. તે વિશે શ્રીભાગવતના એકાદશસ્કન્ધમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને ભક્તિનું માહાત્મ્ય કહ્યું છે ''બાહ્ય માનોડપિ મદ્ભક્તો વિષયૈર્ અજિતેન્દ્રિય પ્રાયઃ પગલ્ભયા ભકત્યા વિષયૈર્ નાભિભૂયતે''

હવે પછી ત્યાગ અને શ્રવણ-કીર્તનથી ભક્તિની વૃદ્ધિનો પ્રકાર પ્રથમથી કહ્યો છે તેનું પ્રતિપાદન કરે છે. ત્યાગ કરીને ભગવાન જ એક પ્રયોજન છે એવું મન રાખીને ભક્તિની વૃદ્ધિ થવા માટે જે યત્ન કરે છે તે સુદૃઢ અને સર્વથી અધિક એવી પરાભક્તિને મેળવે છે આનો અભિપ્રાય એવો છે કે સન્યાસ નિર્ણય ગ્રન્થમાં- ''વિરહાનુભવાર્થ તુ પરિત્યાગો પ્રશસ્યતે'' ભગવાનના વિરહનાં અનુભવ સાંરૂ કરાતો ત્યાગ વખણાયો છે.'' ઇત્યાદિક શ્લોકથી આરમ્ભદશામાં જે પ્રકારનો ત્યાગ કહ્યો છે તે પ્રકારનો ત્યાગ કહીને જેવો પોતાનો અધિકાર હોય તે પ્રમાણે શ્રવણ અને કીર્તન વડે ભક્તિની વૃદ્ધિ થવાનું જ તાત્પર્ય મનમાં રાખે નહિ પણ શ્રીકૃષ્ણ છે પ્રયોજન જેનું એટલે કે પ્રભુનું સ્વરૂપ માત્ર જ ફલ છે એવી ગુણાતીત ભક્તિનાં ફલરૂપે તે ભગવાન તેમાં જ છે કેવલ મન જેવું એવો થઇને ભક્તિની વૃદ્ધિ થવા માટે યત્ન કરે એટલે કે ભગવાનને સિદ્ધ કરી આપે એવી ભક્તિ માટે યત્ન ન કરે પણ ભગવાનનાં સ્વરૂપનાં દર્શનની આર્તિ મનમાં રાખીને જ યત્ન કરે તો તેને કોઇપણ પ્રતિબંધ કરી શકે નહીં. એવી સમગ્ર ભક્તિ કરતાં અધિક અને નિરોધલક્ષણ ગ્રન્થમાં કહેલ એવી અત્યન્ત વૃદ્ધિ પામેલી એવી પરાભક્તિને મેળવે છે. આમ કહેવાનો અભિપ્રાય એવો છે કે ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા સિવાય બીજી કોઇપણ અપેક્ષા ન હોય તેને પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

પુષ્ટિ સિદ્ધાન્ત
લેખાંક - ૪

- નિધિબેન વૈશ્નાણી, ગોલાધર

- સર્વ સમર્પણ

શ્રીમહાપ્રભુજી ‘સિદ્ધાન્તરહસ્ય’ ગ્રન્થમાં આપણુ કર્તવ્ય સમજાવતા આજ્ઞા કરે છે

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદ્ ઇતિ સ્થિતિઃ ।।

અર્થ : બ્રહ્મસમ્બન્ધ લઇને જેમણે પ્રભુને નિવેદન કર્યુ છે તેમણે પ્રભુને સમર્પણ કરીને જ સર્વ વ્યવહારો કરવા જોઇએ. શ્રીમહાપ્રભુજીએ અહીં નિવેદન અને સમર્પણનો ભેદ સમજાવ્યો છે.

નિવેદન એટલે જણાવવુ. આત્મનિવેદન એટલે ઘર-પરિવાર, ધન-સંપત્તિ, આલોક-પરલોક, દેહ વગેરે જે કોઇપણ છે તે બધુ પ્રભુનું જ છે અને પ્રભુ સેવા માટે છે એવું પ્રભુને જણાવવુ આત્મનિવેદન. એ એક પ્રકારનું મૌખિક સમર્પણ છે. પ્રભુ સામે પોતાના સર્વસ્વનું સમર્પણ કરવાની લીધેલી પ્રતિજ્ઞા છે.

જ્યારે સમર્પણ એટલે પ્રભુ સામે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું મૌખિક સમર્પણને વાસ્તવિક સમર્પણ બનાવવું એટલે કે પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને આપણી દરેક વસ્તુનો ઉપયોગ પ્રભુ સેવામાં કરવો.

સમર્પણને સમજાવતાં આપશ્રી આજ્ઞા કરે છે,

તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્ ।।

કોઇપણ કાર્ય કરતા પહેલા બધી વસ્તુનું સમર્પણ પ્રભુને કરવું.

સર્વસ્વનું સમર્પણ પોતાના ઘરમાં પ્રભુને પધરાવ્યા વિના સંભવી શકતું નથી. જે વ્યક્તિ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લઇ પોતાનાં ઘરમાં પ્રભુને સેવ્યસ્વરૂપે પધરાવતા નથી અને જાહેર મંદિરો-હવેલીઓમાં ભેટ-સામગ્રી પધરાવીને કે મનોરથ કરાવીને સમર્પણ સેવા રૂપ પોતાનું કર્તવ્ય બજાવી લીધાનો ખોટો સંતોષ માની લે છે, તેના ઘર-પરિવાર, ધન-સંપત્તિ વગેરે સર્વ કાંઇ અસમર્પિત જ રહી જતા હોય છે.

શ્રીઠાકોરજીએ સાક્ષાત્ પ્રકટ થઇને શ્રીમહાપ્રભુજીને પુષ્ટિ જીવો માટે આજ્ઞા કરી છે કે

અસમર્પિત-વસ્તૂનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ ।।

પ્રભુને સમર્પિત ન થઇ હોય તે વસ્તુ ભાગ દોષવાળી હોય છે. એવી અસમર્પિત વસ્તુના ઉપયોગથી તેનો ઉપયોગ કરનારનું મન પ્રભુથી વિમુખ થઇ જાય છે. આથી પુષ્ટિમાર્ગીએ અસમર્પિત વસ્તુના ઉપયોગનો ત્યાગ કરવો.

અસમર્પિતનો ત્યાગ ત્યારે જ થઇ શકે કે જ્યારે આપણા ઘરમાં શ્રીઠાકોરજીને સર્વ વસ્તુનું સમર્પણ થાય એટલે કે આપણા ઉપયોગમાં આવતી સર્વવસ્તુ પ્રભુને અંગીકાર કરાવવામાં આવે.

સર્વ સમર્પણનો સિદ્ધાન્ત શ્રીમહાપ્રભુજીના સેવક પદ્મનાભદાસજીની વાર્તામાં જોવા મળે છે.

પદ્મનાભદાસજી એકવાર અડેલ શ્રીમહાપ્રભુજીના સત્સંગ-સાનિધ્ય માટે ગયા. પદ્મનાભદાસજી શ્રીઠાકોરજીને બધા ભોગમાં છોલા-ચણા જ ધરતા અને પોતે પણ પ્રસાદ રૂપે ચણા લઇને જ નિર્વાહ કરતા. આ વાતની શ્રીમહાપ્રભુજીના વહુજી શ્રીઅક્કાજીને ખબર પડતા તેમણે ત્રણ દિવસ સુધી સામગ્રી પધરાવી હતી. તે સામગ્રી પદ્મનાભદાસે શ્રીઠાકોરજીને ધરી નથી અને ત્રીજે દિવસે શ્રીમથુરાધીશજીને પુછયું છે. જો ‘‘મહારાજ! આપકો શ્રીઆચાર્યજી કે ઘર પધારીવેકી ઇચ્છા હોય તો ઉહાં નાના પ્રકારકી સામગ્રી હૈ મેરે ઇહાતો જો સમય જૈસો પ્રાપ્ત હોઇ તેસો ધરુગો. તબ મથુરાનાથજીને કહી મોકો તેરો કીયો ભાવત હૈ. તાતે જો ધરેગો સો પ્રિતી તે આરોગુંગો.’’

આમ પદ્મનાભદાસે ધરેલા છોલા-ચણા શ્રીઠાકોરજીએ પ્રેમથી આરોગ્યા છે અને પોતે પણ પ્રભુના પ્રસાદરૂપે ચણા લઇને જ નિર્વાહ કર્યો છે.

તેમજ શ્રીમહાપ્રભુજીના સેવક ગદાધરદાસે

મંગલા, શૃંગાર, રાજભોગ, ઉત્થાપન અને સેનમાં પણ શ્રીઠાકોરજીને જલ જ ધર્યુ હતું અને પોતે પણ પ્રભુનું પ્રસાદી જલ લઇને નિર્વાહ કર્યો હતો.

પરંતુ આજે આનાથી કંઇક વિપરીત સેવાનો પ્રકાર ચાલી રહ્યો છે. એટલે કે આપણે ત્યાં શ્રીઠાકોરજીને મીસરી, ઝારી, દૂધઘર, નાગરી અને અનસખડી ધરવાનો પ્રકાર હોય છે અને બહાર આપણે (દાળ, સખડી, રોટી વગેરે) લેતા હોઇએ છીએ. આમ આ પ્રકારમાં સર્વનું સમર્પણ નહી થઇ શકે. જે વસ્તુ પ્રભુને ધર્યા વગરની છે તે તો અસમર્પિત જ થશે.

સર્વનુ સમર્પણ ત્યારે જ થશે કે જ્યારે આપણને જીવન નિર્વાહ કરવા માટે જે વસ્તુ પ્રાપ્ત છે. તે વસ્તુ પ્રભુને અંગીકાર કરાવી તેને પ્રસાદ રૂપે ગ્રહણ કરીએ.

આપણે જ્યારે બ્રહ્મસમ્બન્ધદીક્ષા લઇએ છીએ તે સમયે હાથમાં તુલસીપત્ર રાખી શ્રીઠાકોરજી સન્મુખ પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે આજથી હું આપને સર્વ સમર્પણ કરું છું અને હવે આ બધાનો ઉપયોગ હું પહેલા આપના માટે કરીશ અને પછી જ હું તેનો પ્રસાદરૂપે ગ્રહણ કરીશ આ પ્રતિજ્ઞા ત્યારે જ નભી શકે કે જ્યારે ઘરમાં સર્વ સમર્પણપૂર્વક શ્રીઠાકોરજીની સેવા કરીએ. જો આવી સેવા ન કરીએ તો આ પ્રતિજ્ઞાનો ભંગ થાય છે એટલે કે બોલીને ફરી જવું અથવા ખોટું બોલવું અને તે પણ ક્યા! સાક્ષાત્ શ્રીઠાકોરજી સામે તુલસીજીની સાક્ષીમાં અને શ્રીમહાપ્રભુજીના સાનિધ્યમાં...

(પુષ્ટિભક્તિમાર્ગ અનુસંધાન પાના નં.- ૯)

વિપ્રયોગ એમ બે સ્વરૂપે અનુભવાય છે. સંયોગ શૃંગારરસ ક્રિયાત્મક છે, વિપ્રયોગ શૃંગારરસ ભાવાત્મક છે. સંયોગ શૃંગારરસાત્મક પ્રભુ સર્વધર્મોના આધારરૂપ વાસુદેવ, સંકર્ષણ, પદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર વ્યૂહવાળા અને જગતના કાર્યરૂપ છે. વિપ્રયોગશૃંગારાત્મક પ્રભુ કેવળ ભાવાત્મક છે અને તેઓ ભક્તોના હૃદયમાં જ બિરાજમાન છે. તેઓ અનંત કરોડો લીલાઓના આશ્રયરૂપ છે. તેઓ કેવળ અનુભવથી જ જાણી શકાય છે. **ક્રમશ:**

(શિક્ષાપત્ર અનુસંધાન પાના નં. - ૧૦)

આવા અલકાવલિથી શોભતા કેશ જેના ઉપર ઢળેલા છે તેવા લલાટ ઉપર વિવિધલક્ષી તિલકને ધારણ કરનારા પ્રભુ ખૂબ જ સોહામણા લાગે છે. જ્યારે નિજધામ ગોલોકમાંથી ભૂતલ પર પધાર્યા ત્યારે કસ્તુરીનું તિલક અને ભૂતલ પર ગૌચારણ કરવા પધાર્યા ત્યારે ગોરોચન તિલક. કસ્તુરીનો સ્વભાવ છે કે એની સુગંધથી હરિણીઓ તેની પાછળ દોડે અહિં હરણને રૂપક અલંકાર થી અલંકૃત કરીને જીવને વિષે કહે છે કે જેના દદયનો પ્રેમ હરણના પ્રેમ જેવો શુદ્ધ છે તેવા વ્રજભક્તોના દદયમાં અલૌકિક પ્રેમનું સ્વરૂપ એ આ કસ્તુરીના તિલકનું સ્વરૂપ છે. **ક્રમશઃ**

(શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય અનુસંધાન પાના નં.- ૧૧)

ભગવાન શંકર આ ભક્તિમાં કથાના આનંદમાં પોતાની પૂજા કરવાની પૂજારીને ના કહી દીધી કે કથા પછી અમારી પૂજા કરી જજે.

કીર્તન સંગતી ભૈરવ

જપ તપ તીરથ નેમ ધરમ વ્રત,
મેરે શ્રીવલ્લભપ્રભુજીકો નામ।
સુમિરૌ મન રસન અહનિસ રહો,
દુરિત કરે સુધરે સબ કામ।।૧।।
હરદે બસો જશોદા સુન પદ,
લીલા સહિત સકલ સુખ ધામ।
'રસિક' યહ નિરધાર કિયો હે,
સાધન તજિ ભજિ આઠોયામ।।૨।।

●

તત્ સુખની ભાવના

– ડૉ.કૃષ્ણકાન્તભાઇ શાહ, ભરૂચ

નરસિંહ મહેતા અને મીરાંબાઇએ શ્રીઠાકોરજીને પોતાનાં લૌકિક કાર્યો કરવા માટે શ્રમ આપ્યો તેથી તે મર્યાદા ભક્ત કહેવાયા અને તેમનું સ્થાન પુષ્ટિભક્તોમાં ગણવામાં ન આવ્યું.

પુષ્ટિભક્તિમાર્ગમાં પોતાના તનથી, પોતાના વિત્તથી અને પોતાના મનનાં અનન્યભાવથી શ્રીઠાકોરજીની સેવા કરવી જોઇએ એ પાયાનો સિદ્ધાન્ત છે. પોતાના માથે વિરાજતા શ્રીઠાકોરજીનું સુખ શામાં સમાયેલ છે. તે જ વિચારવું જોઇએ નહિ કે પોતાનું સુખ. આવા ઘણા દૃષ્ટાંતો આપણા વાર્તા સાહિત્યમાં મળે છે.

(૧) જયપુરના મહારાજાને એક વખત પોતાના શહેરમાં આવેલા ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાની ઇચ્છા થઇ. ઉનાળાનો સમય હતો. દરેક ધાર્મિક સ્થાનોમાં આવી અસહ્ય ગરમી હોવા છતાં શ્રીઠાકોરજીને ભારે વાગા તથા ભારે શણગાર ધરાવવામાં આવ્યા હતા. કારણ કે જયપુરના મહારાજા આ સ્થાનની મુલાકાત લેવાના હતા. મહારાજા પ્રસન્ન થાય અને ધાર્મિક સ્થાનને વધુ ભેટ પ્રાપ્ત થાય તેવો વિચાર સંચાલકાએ કર્યો હતો. શ્રીઠાકોરજીને સુખ પ્રાપ્ત થશે કે નહિ તેનો વિચાર કરવામાં આવ્યો ન હતો. વૈષ્ણવ મંદિરમાં શ્રીઠાકોરજીને મલમલના વાગા ધરાવવામાં આવ્યા હતા, તેમની સમક્ષ ફુવારામાંથી ગુલાબજલનો છંટકાવ કરવામાં આવતો હતો, ખસની ટપ્ટી લગાવવામાં આવી હતી. હળવા હાથે શ્રીઠાકોરજીને પંખો કરવામાં આવતો હતો. મહારાજાએ આ મંદિરની મુલાકાત લીધી અને અતિ પ્રસન્ન થયા. બધા સ્થાનો કરતાં અહીં શ્રીઠાકોરજીને આ પ્રમાણે શા માટે ધરાવવામાં આવ્યું હતું? તેવો પ્રશ્ન વહીવટકર્તાઓને પૂછયો. આયોજકોએ જવાબ આપ્યો કે અમારે ત્યાં શ્રીઠાકોરજીનું સુખ વિચારવામાં આવે છે. નહિ કે આપ પધારવાના છો તેથી આપ પ્રસન્ન થાય તેવા શણગાર અને વાગા શ્રીઠાકોરજીને ધરાવવામાં આવે.

(૨) શ્રીગુસાંઇજીને વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. તેથી તેમનાં આંગળા ખરબચડા થયા હતા. એક વખત તે શ્રીઠાકોરજીને પોતાની ગોદમાં લઇ તેમના શ્રીઅંગને હુંફાળા જલથી પોંછી રહ્યા હતા અને પછી શૃંગાર કરી રહ્યા હતા. શ્રીગિરિધરજી તેમની નજીક બિરાજેલા હતા. શ્રીગિરિધરજીએ કહ્યું કે આપના હાથ તો ખરબચડા છે. આપ જ્યારે શ્રીઠાકોરજીના શ્રી અંગને પોંછો ત્યારે શ્રીઠાકોરજીને અસુખ થાય, તેમને પીડા થાય. શ્રીગુસાંઇજીનાં મનમાં આ વાત ઉતરી અને બીજા દિવસથી વીણા વગાડવાનું પોતે બંધ કર્યુ અને પોતાના શોખને તિલાંજલી આપી.

(૩) એક વખત શ્રીકૃષ્ણે પોતાના પેટમાં દુઃખે છે તેવું નાટક કર્યુ અને નારદજીને કહ્યું કે કોઇ ભગવદ્‌ભક્તની ચરણરજ આપવામાં આવે તો મારા પેટનો દુઃખાવો જાય. નારદજીએ પહેલા તેમની રાણીઓનો સંપર્ક કર્યો અને વિગત જણાવી. રાણીઓએ કહ્યુ કે ચરણરજ આપવાનો અમને વાંધો નથી પણ તેના પરિણામરૂપે અમારે નર્કનો વાસ ભોગવવો પડે તેથી અમો ચરણરજ આપવા તૈયાર નથી. નારદજી ગોપીઓ પાસે આવ્યા. ગોપીઓએ કહ્યુ કે અમારી ચરણરજ લેવાથી શ્રીઠાકોરજીને પેટમાં સારું થતું હોય અને દુઃખ મટતું હોય તો ભલેને અનેક વર્ષો નરકવાસ ભોગવવો પડે. તે અમોને મંજુર છે. ગોપીઓનો શ્રીઠાકોરજીના સુખ માટેની કેવી ઉત્કૃષ્ઠ ભાવના.

(૪) વૈષ્ણવ દંપતિનું એક રૂમનું ઘર રાત્રે બન્ને ઘરના ઓટલા પર સુઇ રહે. એક દિવસ ભારે વરસાદ પડયો. તેઓ ભીંજાવા લાગ્યા. શ્રીઠાકોરજીએ બુમ પાડી તેમને બોલાવ્યા અને કહ્યુ કે આમ બહાર ભીંજવાની જરૂર નથી અંદર આવીને સુઇ રહો. ત્યારે દંપતિએ જવાબ

આપ્યો કે અમારો દેહ મળમુત્રથી ભરેલો છે. જો આપના ઓરડામાં અમે સુઇ રહીએ તો તમોને અસુખ લાગે. શ્રીઠાકોરજી આ સાંભળી પ્રસન્ન થયા અને આગ્રહ કરીને ઓરડામાં સુવા માટે બોલાવ્યા. આ છે શ્રીઠાકોરજીના સુખની ભાવના. **ક્રમશઃ**

(પ્રભુ કરે સો ભલી અનુસંધાન પાના નં.- ૧૪)

વાર્તા બોધ : આ વાર્તા પરથી બોધ મળે છે કે શ્રીહરિ પોતાની ઇચ્છાથી જ બધુ કરે એવું સમજવું તે વિવેક, ત્રણેય પ્રકારનાં દુઃખ સહન કરવા તે ધૈર્ય, અશક્ય અને સુશક્ય દરેકમાં હરિશરણ વિચારવું તે આશ્રય. વૈષ્ણવે આ વિવેક-ધૈર્ય-આશ્રય કેળવવા જરૂરી છે. ક્યારેય ચિન્તા કરવી નહિ. દયારામભાઇએ કહ્યુ છે કે **'ચિત્ત તું શીદને ચિન્તા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.' ક્યારેય બની ગયુ તેનો શોચ ન કરવો. 'गतं न शोचामि'** માટે સુરદાસજીનું પદ છે. **''ગયે નહિ શોચ, આયે નહિ આનંદ એસે મારગ વહિયે, હરિરસ તબહી તો જાય પૈયે.''** નાં માર્ગ પર આગળ વધતા રહેવું.

●

આનંદની અભિવ્યક્તિ

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયુષબાવાશ્રીને મારા સાદર દંડવત.

પુષ્ટિસંસ્કાર માસિક હું અને અમારા પરિવારના તમામ સદસ્યો ખૂબ જ આનંદ અને ઉત્સાહથી વાંચીએ છીએ.

અત્યારના યુગમાં માત્ર બાળકોને નહીં પરંતુ દરેક નાગરિકને આવા વાંચનની જરૂરીયાત છે. પુષ્ટિસંસ્કાર માસિકમાં આવતી વિગતો, લેખો તથા અન્ય વિગતો ખૂબ જ સરસ છે. શ્રેષ્ઠ પ્રકાશન, ગેટઅપ તથા પ્રેઝન્ટેશન માટે શ્રીકમલભાઇ સેજપાલ, શ્રીમથુરભાઇ રામાણી, શ્રીઆનન્દભાઇ ઠક્કર, શ્રીઆશિષભાઇ ગાથા, શ્રીજયેન્દ્રભાઇ તન્ના, શ્રીચેતનભાઇ શાહ, લેખકો તથા સમગ્ર ટીમને મારા ખૂબ ખૂબ અભિનંદન....શુભકામના.

શ્રીપ્રદિપભાઇ ખીમાણી
સંચાલકશ્રી સરસ્વતી સ્કૂલ-જુનાગઢ
નગરપાલિકા સેલ.ભારતીય જનતા પાર્ટી-ગુજરાત.

આત્મીય પુષ્ટિસંસ્કાર વાંચક વૈષ્ણવ/પ્રતિનિધિ

જયશ્રી કૃષ્ણ,

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની કૃપાથી આપણું પુષ્ટિસંસ્કાર સુંદર રીતે કાર્યરત છે. આગમી વર્ષ માટેનું વાર્ષિક લવાજમ પ્રતિવર્ષની જેમ ડિસેમ્બર મહિનાથી શરૂ કરવામાં આવશે. તેની વાંચક વૈષ્ણવો/પ્રતિનિધીઓએ નોંધ લેવા વિનંતી. તેમજ માનદ્ પ્રતિનિધિઓએ ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં મુખ્ય કાર્યાલય, મોટી હવેલી-જૂનાગઢનો સમ્પર્ક કરશોજી

- તન્ત્રી કમલ સેજપાલ

નોંધ : ગત અંકમાં ''દ્દઢ ઇન ચરણન કેરો ભરોસો'' લેખનાં સંપાદક પોપટભાઇ ચાંગેલા છે. શરતચુકથી નામ લખવાનું રહી ગયેલ હતું.

દાન એકાદશી - વામન દ્વાદશી ના આપશ્રીના વચનામૃત
તા. ૨૪/૦૯/૨૦૧૫ને ગુરૂવાર

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા ટીનમસ શાખા
તા. ૨૬/૦૯/૨૦૧૫ને શનિવારના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા રાણપુર શાખા – આપશ્રીની ઉપસ્થિતિમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ
તા. ૩૦/૦૯/૨૦૧૫ને બુધવાર

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા રાણપુર શાખા દ્વારા તા.૩૦/૯/૧૫નાં રોજ ગોસ્વામી શ્રીપીયૂષકુમારજી મહોદયશ્રીની ઉપસ્થિતીમાં ધોળ, રાસ, નૃત્ય તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન આપશ્રી સન્મુખ કરવામાં આવેલ. આપશ્રીએ વચનામૃતમાં પાઠશાલાની પ્રવૃત્તિ અને બાળકોનો ઉત્સાહ તેમજ સંચાલકશ્રીઓની નિષ્ઠાને હૃદયથી શુભ આશિષ પાઠવ્યા હતા. મથુરભાઇ રામાણીએ પણ પાઠશાલા અને વિદ્યાપીઠની પૂર્ણ માહિતી આપેલ હતી.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા ઇવનગર શાખા - આપશ્રીની ઉપસ્થિતિમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૧/૧૦/૨૦૧૫ને ગુરૂવારના શુભ દિવસે ઇવનગર ગામમાં પાઠશાલામાં આપશ્રીની પધરામણી કરવામાં આવી હતી. સાંજે ૭:૧૫ વાગ્યે આપશ્રીનાં સામૈયા કરવામાં આવ્યાં હતા. આપશ્રીના પધારતાની સાથે જ ઇવનગર પાઠશાલાનાં બાળકો દ્વારા ગ્વાલ દ્વેત હે હેરી... ધરધર ગ્વાલ દેહ હે હેરી કીર્તન દ્વારા મંગલ વધાઇ કરવામાં આવી હતી. ત્યારબાદ આપશ્રીએ શ્રીવલ્લભાચાર્યજીના ચિત્રજીને માલ્યાર્પણ કરી તથા આપશ્રીને પાઠશાલાનાં સંચાલકશ્રી દ્વારા માલા ધરવામાં આવ્યા હતા. તેમજ બાળકોનાં આગ્રહથી આપશ્રી દ્વારા દાનનું કીર્તન કંચન મોલ ભઇ... આજ દધિ.... કંચન મોલ ભઇ... નુરસારંગ રાગમાં મંગલ ઉચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આપશ્રીએ વચનામૃતમાં સંસ્કારોનું સિન્ચન, પાઠશાલાનું મહત્વ વગેરે વિશે સુવ્યવસ્થિત રીતે સમજાવવામાં આવ્યું. ત્યારબાદ પાઠશાલાનાં બાળકો દ્વારા ગાય માતા, એક નિશ્કંચન માજીની વાર્તા તથા ૮૪ તથા ૨૫૨ વૈષ્ણવોની વાર્તા તથા રવિ જોટાણીયા દ્વારા આપણી મોટી હવેલીના સ્થાપક ગોસ્વામી શ્રીમાધવરાયજી ની સર્પદંશની વાર્તાનો આનંદ લીધો હતો તથા સંચાલક ભોવાનભાઇનાં વિદાય પ્રસંગે પાઠશાલાનાં બાળકોને ચિત્રજીની ભેટ કરવામાં આવી. પાઠશાલાનાં બાળકો દ્વારા મંગલાચરણનું ગાન, પખાવજ, અને શ્રીવલ્લભપ્રભુ નમો નમો અને આશ્રયના પદગાન દ્વારા કાર્યક્રમને ઉત્સાહપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

અહેવાલ : ધિમેન જોટાણીયા, રવિ ડી. જોટાણીયા તથા ઇવનગર પાઠશાલા.

સમાચારસંક્ષેપ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા-રંગપુર શાખા તા. ૧/૧૦/૨૦૧૫ને ગુરૂવારનાં રોજ રંગપુર ગામમાં સ્વચ્છતા અભિયાન

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ-ચોકીના બાળકોનો નેચર એન્ડ એડવેન્ચર સ્પોર્ટ ટ્રેકિંગ કેમ્પ તા. ૨/૧૦/૨૦૧૫ને શુક્રવાર



મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરૂકુલ ચોકી(સોરઠ) દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૫ને શુક્રવારનાં રોજ એક દિવસીય પાટણવાવ મુકામે આવેલ ઓસમ પર્વત પર નેચર એન્ડ એડવેન્ચર સ્પોર્ટ ટ્રેકિંગ કેમ્પનું ખૂબજ સુંદર આયોજન થયેલ. જેમાં ઔષધિય વનસ્પતિનું જ્ઞાન, વાઇલ્ડ લાઇફ એવરનેસ, રૂટ ફાઇડીંગ, રોક ફોર્મેશન, રોક મેટાબોલીજમ, ટ્રેકિંગ પ્રવૃત્તિઓ વગેરેની માહિતી દ્વારા પર્વતીય અને જંગલ વિશેનું ખૂબજ ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવેલ. તેની સાથે સાથે

રેસ્ક્યુ શુટિંગ, ઇમરજન્સી લેન્ડીંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ સાથે જ્ઞાનનો ખૂબજ વધારો થયેલ. જેમાં ગુરૂકુલનાં ૭૫ બાળકો તેમજ ૧૪ શિક્ષકગણે ઉત્સાહ અને સફળતાપૂર્વક ભાગ લીધેલ.

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા - ભાટિયા શાખાના બાળકો દ્વારા તા. ૪/૧૦/૨૦૧૫ને રવિવારે સાંજીનાં ઉત્સવની ઉજવણી

ભાટિયા ગામનાં પાઠશાલાનાં બાળકો એ ૪/૧૦/૨૦૧૫ના દિવસે સાંજીનાં ઉત્સવની ઉજવણી કરી હતી. તેમાં બાળકોએ ત્રાસ, ડીસ તથા કાગળ પર રંગબેરંગી સાંજી બનાવી હતી. તેમાં શ્રીનાથજી સ્વરૂપ, શ્રીમહાપ્રભુજી, કાનુડાનું મુખારવિંદ, ગિરિરાજજી એમ રંગબેરંગી સાંજી હીરા, મોતી, ફૂલ, કઠોળ અને કલર દ્વારા શણગારી બનાવવામાં આવી હતી એ રીતે બાળકોએ આ સાંજી ઉત્સવમાં ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લઇ સાંજીની ઉજવણી કરી હતી. સાંજી શું છે તે પાઠશાલાનાં સંચાલક-શિક્ષક દ્વારા સમજાવવામાં આવ્યું હતું. અને બધા એ નૃત્ય, રાસ, હાલારીરાસ લઇને ઉજવણી કરી હતી તેમાં અમોને ખૂબ જ આનંદ આવ્યો હતો.

-પ્રજ્ઞાબેન,ભાવનાબેન,અરૂણાબેન,લલિતાબેન / શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા -ભાટિયા

- તા. ૪/૧૦/૨૦૧૫ને રવિવારનાં રોજ શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા - સાંખડાવદર શાખાનાં બાળકો તથા સંચાલક-શિક્ષકોનો શ્રીમોટી હવેલી-જૂનાગઢ ના પ્રવાસે આવેલ હતા. ગુરૂદ્વારે આવવાનો ઉત્સાહ કઇક અનેરો હતો. બાળકો અને સંચાલકશ્રીઓ કાકાજી ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી સન્મુખ થયા હતા. આ પ્રવાસમાં બધાજ બાળકોને ખૂબજ આનંદ આવ્યો હતો. આપશ્રી દ્વારા બધાને આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રાકૃતિક ઉપચાર
મુદ્રા ચિકિત્સા

– પ્રભુદાસભાઈ મોરડીયા, જૂનાગઢ



– **અપાનવાયુ મુદ્રા :** અંગુઠાના મુળમાં તર્જનીની ટોચ મેળવો અંગુઠાની ટોચને મદયમાં અને અનામિકા બંનેની ટોચ સાથે મેળવો એટલે કે વાયુ મુદ્રા અને અપાન મુદ્રા બંને એક જ સાથે કરો કનિષ્ઠિકા આંગળીને સીધી રાખો જે બનશે અપાનવાયુ મુદ્રા. **ફાયદા :** (૧) વાયુ(ગેસ) હોય અને સાથે માથુ દુખતુ હોય તો વજાસનમાં બેસીને અપાનવાયુ મુદ્રા કરવાથી ૧૦ થી ૧૫ મીનીટમાં માથુ દુખતુ મટી જશે વાયુમાં પણ રાહત થશે. (નાભી આસપાસ હીંગનું પાણી લગાવવાથી ફાયદો થશે). (૨) અપાન મુદ્રા અને વાયુ મુદ્રા બંને ના ફાયદા આ એક જ મુદ્રામાં થશે હૃદય રોગનો હુમલો આવ્યો હોય ત્યારે તુરત આ મુદ્રા કરવાથી તાત્કાલીક લાભ થશે. હૃદયની તકલીફ દૂર કરવા માટે આ મુદ્રા ઉત્તમ છે. (૩) હાઇ બી.પી.અને એસીડીટીમાં પણ ફાયદો થશે. (૪) હાર્ટબીટનું ચુકી જવું કે હૃદયની કોઇ તકલીફ હોય તો દરરોજ સવાર-સાંજ ૧૫-૧૫ મીનીટ આ મુદ્રા કરવાથી ખૂબ જ ફાયદો થશે. હૃદય પાવરફૂલ (શક્તિશાળી) થશે. (૫) વધુ પરિશ્રમ કર્યો હોય અને માથુ દુખતુ હોય તો આ મુદ્રાથી તે દુખાવો મટશે. (૬) વાયુ મુદ્રાથી જે રોગ ન મટે તે આ મુદ્રાથી મટશે. (૭) બંધ પેશાબની તકલીફ પણ આ મુદ્રાથી દૂર થશે.

– **પ્રાણ મુદ્રા :** અંગુઠાની ટોચ, કનિષ્ઠિકા અને અનામિકા બંનેની ટોચ પર મેળવો. અંગુઠાથી ધીમે દબાણ આપવું. બાકીની બંને આંગળી સીધી રાખવી જે બનશે પ્રાણ મુદ્રા અથવા અંગુઠાની ટોચ ઉપર કનિષ્ઠિકાની ટોચ મેળવો કનિષ્ઠિકાની આંગળીના નખ ઉપર અનામિકાની ટોચ રાખી, અંગુઠાથી ધીમે દબાણ આપો બાકીની બંને આંગળીઓ સીધી રાખો જે બનશે પ્રાણ મુદ્રાનો બીજો પ્રકાર. **ફાયદા :** (૧) નામ પ્રમાણે જ આ મુદ્રાના ગુણ છે. પ્રાણ મુદ્રા શરીરમાં પ્રાણશક્તિનો સંચાર કરે છે. અશક્તિ જણાતી હોય તો શક્તિનો સંચાર તુરત થશે. (૨) પ્રાણશક્તિનો સંચાર થવાથી રોગપ્રતિકારક શક્તિ સારા પ્રમાણમાં વધશે. (૩) શરીરમાં સ્ફૂર્તિ-ઉત્સાહ-આનંદ વધશે. પ્રાણશક્તિનો સંચાર થવાથી રક્તવાહિનીઓમાં રક્ત પણ વ્યવસ્થિત ફરતુ થશે. અને જે અંગોમાં ખાલી ચડતી હશે તે તકલીફ પણ દૂર થશે. (૪) આંખની બીમારીઓ દૂર થશે આંખની જ્યોતિ વધશે આંખ માટે આ મુદ્રા ઘણીજ ફાયદાકારક છે. (૫) પેરેલીસીસ પછી અંગો નબળા પડ્યા હોય, કામ ઓછુ થતુ હોય તેમાં ઘણોજ સુધારો થશે. (૬) કમજોર વ્યક્તિ માટે આ મુદ્રા ખુબજ ફાયદાકારક છે. (૭) પ્રાણ મુદ્રા સાથે જ્ઞાન મુદ્રા કરવાથી અનિદ્રાની તકલીફ પણ દૂર થશે. (૮) આ મુદ્રાથી શક્તિનો સંચાર થવાથી ભુખ-તરસ પણ ઓછી લાગશે. (૯) પ્રાણ મુદ્રાથી દરેક વિટામીન્સની ઉણપ દૂર થશે. (૧૦) સખત કામ કર્યુ હોય અને થાક લાગ્યો હોય તો આ મુદ્રા કરવાથી તુરત થાક ઉતરશે અને કામમાં ફરીથી ઉત્સાહ આવશે.



ઉપરોક્ત મુદ્રા ચિકિત્સામાં સમજણ ન પડે તો લેખકને સાંજે ૪ થી ૬ માં ફોન કરવો. મો.૯૮૨૫૩૨૪૭૧૨

નોંધ : સપ્ટેમ્બર માસનાં અંકમાં જલોદરનાશક મુદ્રા અને અપાન મુદ્રાનાં ચિત્ર (ફોટો) ભુલથી ઉલટ સુલટ થયેલ છે (જલોદરનાશક મુદ્રામાં અપાન મુદ્રા અને અપાન મુદ્રામાં જલોદરનાશક મુદ્રા જોવી)

વ્યક્તિત્વ વિકાસના સોપાનો

– **કમલ સેજપાલ, જૂનાગઢ**

યુગો યુગોથી આપણામાં રહેલ ઘણા જ ગુણો-અવગુણો લગભગ દરેક વ્યક્તિમાં જોવા મળે છે. સારા-સારા કે નબળા વિચારો વાળા માણસો પણ આ માનવ સમાજમાં આપણને જોવા મળે છે. જ્યારે વાત સમ્બન્ધની આવે ત્યારે ક્ષણભર વિચાર કરવો પડે કે કેવા સમ્બન્ધ આપણે રાખવા માંગીએ છીએ અથવા કેવા સમ્બન્ધો જીવનમાં ઉપયોગી બને છે. જેમાં સ્વાર્થ ભાવના નહી પરંતુ એક લાગણીના સમ્બન્ધો જોવા મળતા હોય છે. જેમાં એક બીજા પ્રત્યે જતુ કરવાની ભાવના, ઉપયોગી થવાની ભાવના અને આ સમ્બન્ધોમાં કંઇજ પણ મેળવાની ખેવના ન હોય તેવા સમ્બન્ધો મજબુત અને વિશિષ્ટ હોય છે. આમ જોવા જઇએ તો સમ્બન્ધોને જીવનભર નિભાવવા એ એક કલા જેવું હોય છે. ક્યા સમયે એ સમ્બન્ધોને કેવી રીતે આપણે રાખીએ છીએ તે આવડત આપણામાં હોય તો સાચા અને સારા સમ્બન્ધ હંમેશા ખૂબજ લાંબા સચવાતા હોય છે.

અલગ અલગ વ્યક્તિ સાથે અલગ સમ્બન્ધો રાખતા હોઇએ છીએ, જેમ કે જ્યારે આપણે મુસાફરી કરતા હોઇએ ત્યારે બસ અથવા ટ્રેઇનમાં જે સહુ પ્રવાસીઓ હોય છે તેમની સાથેના સમ્બન્ધ જે તે સમય પુરતા જ હોય છે. ક્યારેક એકાદ-બે કિસ્સામાં એવું બને કે એ સમ્બન્ધ લાંબા સમય સુધી સચવાતા હોય છે. નોકરી કરતો વ્યક્તિ આજે આ ગામમાં છે તો આવતી કાલે બીજા શહેરમાં હશે ત્યારે ત્યાંના આડોશી-પાડોશીનાં સમ્બન્ધો એવા પ્રકારના હોય છે. જે જગ્યા છોડયા પછી પૂર્ણ થઇ જતા જોવા મળે છે.

આપણે સામાન્ય રીતે વાત-વાતમાં કહેતા હોઇએ છીએ કે અમારે તો લોહીના સમ્બન્ધ છે. પરંતુ તે સમ્બન્ધોને કેવી રીતે નીભાવીએ છીએ તેના પર નિર્ભર રાખવું પડતું હોય છે. ''એક હાથે કદી તાલી ન પડે'' આ શબ્દો આપણે ઉચ્ચારતા હોઇએ છીએ તેમ સમ્બન્ધ એક તરફી ન હોવો જોઇએ. કોઇ કાર્ય માટે કે સ્વાર્થ વૃત્તિ માટે સમ્બન્ધ રાખીએ એવા સમ્બન્ધનું ભવિષ્ય કેટલું હોય છે? જ્યારે સમ્બન્ધ કોઇ સમસ્યા બનીને આવે ત્યારે તેના જવાબો શોધવા પડે છે અને તે સમાધાન દ્વારા જ શક્ય બની શકે છે.

સમ્બન્ધો રાખવા માટે દિલની વાત સાંભળવી જોઇએ. દિમાગ વચ્ચે આવે ત્યારે ગણતરીઓ શરૂ થઇ જતી હોય છે. આવી પરિસ્થિતીમાં ખરેખર હૃદયનાં સમ્બન્ધો દ્વારા પરસ્પરની લાગણીઓ સમજી શકાય છે. કોઇ વ્યક્તિ સાથેના આપણા સમ્બન્ધો હૃદયના હોય પરંતુ એ વ્યક્તિ માત્ર કોઇપણ કાર્ય માટે જ સમ્બન્ધનું મહત્વ ધરાવતા હોય એવા વ્યક્તિની તુરંત ખબર પડી જતી હોય છે. કેમ કે આપણે તેની સાથેનો વ્યવહાર ખરા હૃદયથી કરી રહ્યા હોઇએ પરંતુ તેનો વ્યવહાર માત્ર ઉપર છલ્લો હોય છે. સમ્બન્ધ એ હૃદયનો ભાવ છે અને તેને સમજીને આપણા બનાવેલા એ સમ્બન્ધોની માવજત કરવી જોઇએ. જેમ વૃક્ષને ઉછેરવા માટે નિરન્તર પાણીથી તેનું પોષણ કરવું પડે છે. તેમ સમ્બન્ધ માટે પણ પોષણની આવશ્યકતા હોય જ છે.

શ્રીવલ્લભની કૃપાથી આપણને તો સાક્ષાત્ શ્રીબાલકૃષ્ણ પ્રભુ સાથેનો સમ્બન્ધ થયો છે. એ સમ્બન્ધને નિષ્ઠાથી, હૃદયથી અને લાગણીઓથી સાચવીએ તો જ સાચા અર્થમાં વૈષ્ણવી માનવદેહ પ્રાપ્ત થયો કહેવાય.

"શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન વેબસાઇટ"

www.pushtisanskar.org

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની જુદી જુદી શાખાનાં કાર્યક્રમ નાં ફોટો ઇવેન્ટ ગેલેરીમાં જોઇ શકો છો. ત્યાર બાદ કોઇપણ શાખાની માહિતી સર્ચ પાઠશાલામાંથી મેળવી શકો છો. તે મુજબ જો તમે કોઇપણ મહિનાનું પુષ્ટિસંસ્કાર મેગેઝીન વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી વાંચી શકો છો.

Events Gallery

વેબસાઇટ www.pushtisanskar.org પર Multimedia માં જઇ આપણી પાઠશાલાનાં જુદા જુદા ગામોમાં થયેલ કાર્યક્રમ તથા ઉત્સવનાં ફોટો Events Gallery માં નિહાળી શકો છો. વિશ્વના કોઇપણ જગ્યાએ વસતા દરેક વૈષ્ણવજનો હવે Events નાં ફોટો નિહાળી શકશે.

http://www.pushtisanskar.org/event_gallery.php

E- magazine

॥ પુષ્ટિ સંસ્કાર ॥
॥ પુષ્ટિ સંસ્કાર ॥
॥ પુષ્ટિ સંસ્કાર ॥

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન (મોટી હવેલી-જુનાગઢ) દ્વારા પ્રકાશિત થતું આપણું ધાર્મિક મગેઝીન પુષ્ટિસંસ્કાર હવે આપને E-magazine પર વાંચવા મળશે. આપ આપને અનુકૂળ ઇન્સ્ટ્રુમેન્ટ પર Download કરીને આપની અનુકૂળતાએ વાંચી શકશો.

http://www.pushtisanskar.org/magazine.php

Search Pathshala

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાના ૨૦૦ કેન્દ્રો સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. આપની નજીકના પાઠશાલાના કેન્દ્રો તથા સંચાલક વિશેની માહિતિ આપ "Search Pathshala" માંથી મેળવી શકશો.

http://www.pushtisanskar.org/search-pathshala.php

વ્રતોત્સવ ટિપ્પણી

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૧ **શ્રીવલ્લભાબ્દ ૫૩૮**

વિક્રમ સંવત્ ૨૦૭૧-૭૨ **નવેમ્બર ૨૦૧૫ - ડિસેમ્બર ૨૦૧૫**

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
નવેમ્બર	**આશ્વિન કૃષ્ણ પક્ષ**		
૦૬	૧૦	શુક્રવાર	શ્રીબડે ગોકુલેશજીનો ઉત્સવ
૦૭	૧૧	શનિવાર	એકાદશીવ્રત
૦૯	૧૩	સોમવાર	ધનતેરશ
૧૦	૧૪	મંગળવાર	રૂપચતુર્દશી (અભ્યંગ)
૧૧	૩૦	બુધવાર	દીપોત્સવ, દીપાવલી, હટડી, કાનજગાઇ
	કાર્તિક શુક્લ પક્ષ		
૧૨	૦૧	ગુરૂવાર	અન્નકુટોત્સવ, ગોવર્ધનપૂજા, નૂતનવર્ષ (વિ.સં.૨૦૭૨ પ્રારમ્ભ)
૧૩	૦૨	શુક્રવાર	ભાઇબીજ, ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનો ઉત્સવ
૧૯	૦૮	ગુરૂવાર	શ્રીગોપાષ્ટમી
૨૦	૦૯	શુક્રવાર	અક્ષયનવમી શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ વિશેષ તપેલી (અન્નકુટ)
૨૨	૧૧	રવિવાર	પ્રબોધિની એકાદશીવ્રત, દેવોત્થાપન સાંજે સંધ્યામાં
૨૩	૧૨	સોમવાર	શ્રીગિરધરજી(પ્રથમલાલજી), શ્રીરઘુનાથજી(પંચમલાલજી)ના ઉત્સવ
	કાર્તિક કૃષ્ણ પક્ષ		
૨૭	૦૨	શુક્રવાર	શ્રીવ્રજવલ્લભલાલજી(શ્રીપ્રમેયબાવાશ્રી)નો જન્મદિવસ
૨૯	૦૪	રવિવાર	ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ
ડિસેમ્બર	**કાર્તિક કૃષ્ણપક્ષ**		
૦૩	૦૮	ગુરૂવાર	શ્રીગોવિંદરાયજી (દ્વિતીય લાલજી)નો ઉત્સવ
૦૭	૧૧	સોમવાર	એકાદશીવ્રત
૦૯	૧૩	બુધવાર	શ્રીઘનશ્યામજી (સપ્તમ લાલજી)નો ઉત્સવ
	માર્ગશીર્ષ શુક્લ પક્ષ		
૧૮	૦૭	શુક્રવાર	શ્રીગોકુલનાથજી (ચતુર્થ લાલજી)નો ઉત્સવ
૧૯	૦૮/૦૯	શનિવાર	શ્રીગુસાંઇજીના ઉત્સવની વધાઇ, નવમીનો ક્ષય હોવાથી આજે.
૨૧	૧૧	સોમવાર	એકાદશીવ્રત, શ્રીવ્રજવલ્લભલાલજીનો ઉત્સવ

સંકલન - રસિકભાઇ બદિયાણી

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - November - 2015
JUNAGADH - 362001
Posted on 1st of every month **(RMS - Junagadh)**

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg. No.G-JND 304/12-15 (Valid up to 31-12-2015)

ઈન્દ્રમાન ભંગ નું પદ

રાગ : માલવ   તાલ : ત્રિતાલ

જય જય લાલ ગોવર્ધનધારી ઈન્દ્ર માનભંગ કીનો ।।
વામ ભુજા રાખ્યો ગિરિ નાયક ભક્તનકો સુખ દીનો ।।૧।।
સાત દ્યોસ મઘવા પચહાર્યો ગો સુત શૃંગ ન ભીનો ।।
કૃષ્ણદાસ ગિરિધર પિય આગેં પાંય પર્યો બલહીનો ।।૨।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pushti Foundation, Moti Havali, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat